CMYK

RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૮૦ ફાગણ વદ - ૧૩ | રવિવાર, તા.૦૭-૦૪-૨૦૨૪ | અંક : ૨૧૦ વર્ષ : ૨૧ | e-mail : sauaajtak@gmail.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# ઈઝરાઈલ પર હુમલા માટે ઈરાન તૈયાર

## અમેરિકાને વચ્ચે ના આવવા આપી ચેતવણીઃ ઈઝરાઈલ પણ હાઈ એલર્ટ

તહેરાન

ઈઝરાયેલનના ગાઝાક્ષેત્રમાં હમાસ સામેના લશ્કરી પગલાના પગલે મધ્ય પુર્વમાં સર્જાયેલો તનાવ હવે ભડકો બની જવાની તૈયારીમાં છે. હાલમાં જ સિરિયામાં ઈરાનના દૂતાવાસ પર ઈઝરાયેલના મિસાઈલ હુમલા તથા તેઓ ઈરાની સૈન્યના ટોચના કમાન્ડર સહિત ૧૩ના મોત બાદ ઈરાને પણ ઈઝરાયેલ પર વળતા હુમલાની તૈયારી કરી છે અને અમેરિકાને પણ હવે 'વચ્ચે' નહી આપવા ચેતવણી આપી છે.

બીજી તરફ ઈઝરાયેલ પણ એલર્ટ થયુ છે તેની એરડિફેન્સ સીસ્ટમને હાઈએલર્ટ પર મુકી છે અને તેમના સૈન્યની તમામ રજાઓ રદ કરવા ઉપરાંત તેની તમામ દૂતાવાસ કચેરીઓને પણ હાલ જાહેર કામગીરી માટે બંધ કરીને હાઈએલર્ટ પર મુકી છે તથા જે તે દેશને પણ આ દૂતાવાસને સુરક્ષા આપવા જણાવ્યું છે.

ઈરાનના રાષ્ટ્રપતિના રાજકીય બાબતોના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ મોહમ્મદ જમશીદીએ સોશ્યલ મીડીયામાં એક પોષ્ટ મુકીને ચેતવણીના સ્વરમાં લખ્યું કે, અમેરિકાએ વચ્ચે આવવું જોઈએ નહી જેથી તે પણ હુમલાનો ભોગ બની જાય નહી તે તેણે નિશ્ર્ચિત કરવું પડશે. અમેરિકાએ હજું આ અંગે કોઈ પ્રતિભાવ આપ્યો નથી પરંતુ આ ચેતવણી બાદ અમેરિકા પણ હાઈએલર્ટ પર છે. ખાસ કરીને ઈઝરાયેલ તથા મધ્યપુર્વમાં તેના મથકો તથા વ્યાપારી હિતોની સુરક્ષા વધારી છે. ઈઝરાયેલના આ હુમલાથી પશ્ર્ચીમી એશિયામાં તનાવ છે અને ઈરાન ચોકકસ જવાબ આપશે તેવો સંદેશો દુનિયાભરને મળી ગયો છે.

## ઈરાન આવતા અઠવાડિયે અનેક સ્થળોએ ઈઝરાયેલના ટાર્ગેટ પર હુમલો કરશે : અમેરિકા

ઈઝરાયલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ માત્ર બે દેશો પૂરતું જ સીમિત નથી, પરંતુ અન્ય ઘણા દેશો પણ તેનો શિકાર થઈ રહ્યા છે. ખાસ કરીને મધ્ય પૂર્વ. હવે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે મોટા યુદ્ધની શક્યતાઓ છે. હાલમાં જ એક ગુપ્તચર અહેવાલ શેર કરતા અમેરિકાની ગુપ્તચર એજન્સી ઝૈંછએ ઈઝરાયેલને ચેતવણી આપી હતી કે ઈરાન ટૂંક સમયમાં તેના પર મોટો હુમલો કરી શકે છે. હવે અમેરિકન એજન્સીએ ઈરાનને ફરી ચેતવણી આપી છે. યુએસ જાસૂસી એજન્સીઓએ ફરીથી ઈનપુટ્સ શેર કર્યા છે કે ઈરાન આવતા અઠવાડિયે અનેક સ્થળોએ ઈઝરાયેલના લક્ષ્યો પર હુમલો કરશે. આ હુમલાઓ ડ્રોન અને મિસાઈલ વડે કરી શકાય છે. એજન્સીઓનું માનવું છે કે ઈરાન આવતા અઠવાડિયે ડ્રોન અથવા ક્રુઝ મિસાઈલ વડે ઈઝરાયેલ અથવા તે દેશની બહાર ઈઝરાયેલના લક્ષ્યાંકો પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. સીઆઈએ એ પણ માને છે કે ઈરાન મધ્ય પૂર્વ અથવા અન્ય પ્રદેશોમાં ઈઝરાયેલના દૂતાવાસ અથવા કોન્સ્યુલેટને નિશાન બનાવી શકે છે. અમેરિકાની ચેતવણી બાદ ઈઝરાયેલ એલર્ટ મોડમાં આવી ગયું છે. જે જવાનોને રજા આપવામાં આવી હતી તેમની રજા રદ કરીને તેમને પાછા બોલાવવામાં આવ્યા છે. તેણે વિશ્વભરમાં ઈઝરાયેલના દૂતાવાસના અધિકારીઓને પણ સતર્ક રહેવા ચેતવણી આપી છે.

## ભાજપ રાજનીતિ પર નહીં પરંતુ રાષ્ટ્રીય નીતિ પર ચાલે છે : મોદી

સહારનપુર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહારનપુરમાં રેલીને સંબોધિત કરી હતી. પીએમએ તેમના ભાષણની શરૂઆત ભારત માતા કી જયથી કરી હતી. પીએમએ કહ્યું કે ભાજપ રાજનીતિ પર નહીં પરંતુ રાષ્ટ્રીય નીતિ પર ચાલે છે. અમે દેશને ઝૂકવા નહીં દઈએ. ઈન્ડી એલાયન્સ કમિશન માટે છે અને મોદી મિશન માટે છે.પીએમે કહ્યું કે યાદ રાખો ૨૦૧૪માં મેં સંકલ્પ કર્યો હતો કે હું દરેક પરિસ્થિતિ બદલીશ. હું નિરાશાને આશામાં બદલીશ. હું આશાને વિશ્વાસમાં બદલીશ. તમે તમારા આશીર્વાદમાં કોઈ કસર છોડી નથી. મોદીએ પોતાની મહેનતમાં કોઈ કસર છોડી નથી. યાદ રાખો, તે સમયે આપણું ભારત વિશ્વની ૧૧મી આર્થિક શક્તિ હતું. મોદીએ ૧૦ વર્ષમાં ભારતને દુનિયાની ૫મી શક્તિ બનાવ્યું.સ્ટેજ પર ૩ રાજ્યોના મુખ્યમંત્રીઓ યુપીના સીએમ યોગી આદિત્યનાથ, હરિયાણાના સીએમ નાયબ સિંહ સૈની અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીનો સમાવેશ થાય છે.

## હરિયાણાના કૈથલમાં ચૂંટણી પંચની વેબસાઈટ થઈ હેક !

### AAPએ રેલી માટે મંજૂરી માંગી તો અભદ્ર ભાષામાં મળ્યો જવાબ

કૈથલ,

હરિયાણાના કૈથલમાં ચૂંટણી પંચની વેબસાઈટ હેક થઈ હોવાની સ્થિતિ બની છે. વાત જાણે એમ છે કે, અહીં આમ આદમી પાર્ટીના એક કાર્યકર્તાએ રેલીનું આયોજન કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર પાસે વહીવટી પરવાનગી માંગી હતી. AAPની અરજી ફગાવી દેવામાં આવી હતી અને વાંધાજનક ભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ સાથે બીજા સર્ટિફિકેટ પર હિરોઈનનો ફોટો લગાવીને અરજી રદ કરવામાં આવી હતી.

## મનીષ સિસોદિયાને વધુ એક આંચકો, કોર્ટે ૧૮ એપ્રિલ સુધી ન્યાયિક કસ્ટડી વધારી

નવીદિલ્હી,તા.૬

દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં જેલમાં બંધ દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ અને આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદિયા રાઉઝ એવન્યુ કોર્ટમાં પહોંચ્યા છે. દિલ્હી એક્સાઈઝ પોલિસી કૌભાંડમાં આજે કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. મનીષ સિસોદિયા અને અન્ય ધરપકડ કરાયેલા આરોપીઓની ન્યાયિક કસ્ટડી ૧૮ એપ્રિલ સુધી લંબાવવામાં આવી છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન, ઈડીના વિશેષ વકીલ ઝોહેબ હુસૈને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશોની દલીલો વાંચી અને કહ્યું કે છેલ્લા ત્રણ મહિનામાં ટ્રાયલ ગોકળગાયની ગતિએ આગળ વધી છે કે નહીં તે નક્કી કરવાનું કોર્ટનું છે.

હુસૈને કહ્યું કે એવું નથી કે જામીન અરજીને માત્ર એ આધાર પર મંજૂરી આપવામાં આવે કે ટ્રાયલ હજી શરૂ થઈ નથી.

## બંગાળમાં ઈડી બાદ હવે એનઆઈએની ટીમ પર હુમલો, બે અધિકારીઓને સામાન્ય ઈજા

કોલકતા,તા.૬

પશ્ચિમ બંગાળમાં કેન્દ્રીય તપાસ એજન્સીઓ સામેના હુમલાઓ અટકવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. સંદેશખાલીમાં ઈઢની ટીમને નિશાન બનાવ્યા બાદ હવે એનઆઈએ પર હુમલાના સમાચાર આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે પૂર્વ મેદિનીપુરના ભૂપતિનગરમાં કેન્દ્રીય એજન્સી એનઆઈએની ટીમ પર હુમલો કરવામાં આવ્યો હતો. કોલકાતા હાઈકોર્ટના નિર્દેશો અનુસાર એનઆઈએની ટીમ તપાસ માટે ગઈ હતી. આરોપ છે કે તપાસકર્તાઓની કારમાં તોડફોડ કરવામાં આવી હતી.

એનઆઈએએ દાવો કર્યો હતો કે પૂછપરછ માટે લઈ જવામાં આવતાં બે વ્યક્તિઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં થયેલા બ્લાસ્ટની તપાસ માટે એનઆઈએના અધિકારીઓ ભૂપતિનગર ગયા હતા. જ્યારે એનઆઈએ બે લોકોની ધરપકડ કરીને લઈ જઈ રહી હતી. આરોપ છે કે તે જ સમયે ગામલોકોએ એનઆઈએના વાહનને ઘેરી લીધું અને કાર પર હુમલો કર્યો અને બંનેને મુક્ત કરવાની માંગ કરી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ હુમલામાં એનઆઈએના બે અધિકારીઓને સામાન્ય ઈજા થઈ છે.

## લોસ એન્જલસમાં ત્રણ કરોડ ડોલરની મોટી ધાડ : ધાડપાડુઓનો પત્તો નથી

લોસએન્જલસ,તા.૬

ઈસ્ટર-સન્ડેની રાત્રીએ નાગરિકો દારૂ પી ઘસઘસાટ ઊંઘતા ત્યારે ધાડપાડુઓએ પૈસા સાચવનાર એક કંપનીનાં બિલ્ડિંગની દિવાલમાં બાકોરૂં પાડી અંદર ઘૂસી સેઈફને કાપી તેમાંથી ૩ કરોડ ડોલર ઊઠાવી રફુચક્કર થઈ ગયા હતા. શહેરના ઈતિહાસમાં હજુ સુધી થયેલી આ સૌથી મોટી ચોરી છે. આઘાતની વાત તો તે છે કે શહેર પોલીસ અને ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટીગેશન (એફબીઆઈ) ના ડીટેકટીવ્ઝ પણ હજી સુધી આ ધાડપાડુઓ કે તે રકમનો કોઈ સુરાગ મેળવી શક્યા નથી.

પોલીસ કમાન્ડર એલેઈન મોરાલ્સે લોસ એન્જલસ ટાઈમ્સને આપેલી મુલાકાતમાં પણ કહ્યું હતું કે, ધાડપાડુઓએ પહેલા બિલ્ડીંગની દિવાલમાં બાકોરૂં પાડયું હતું અને પછી તેમાં રહેલી સેઈફ કાપી આ રકમ ઉઠાવી ગયા હતા. આ કંપનીના કર્મચારીઓ સોમવારે સવારે તાળું ઉઘાડી હોલમાં પ્રવેશ્યા ત્યારે આ જોઈ તેઓ અવાક બની ગયા હતા.

લોકોના પૈસા સાચવનાર આ કંપની લોસ એન્જલસમાં ઉપનગર સીલ્વરમાં આવી ધન સંરક્ષક કાર્યવાહી ચલાવે છે. મૂળ કેનેડા સ્થિત આ કંપનીની લોસ એન્જલસમાં પણ શાખા છે.

## વર્ષનું પહેલું સૂર્યગ્રહણ સોમવારે થશે, જો કે ભારતમાં નહીં દેખાય

નવીદિલ્હી,તા.૬

વર્ષનું પહેલું સૂર્ય ગ્રહણ લાગવા જઈ રહ્યું છે. આ પૂર્ણ સૂર્ય ગ્રહણ હશે. આ સૂર્ય ગ્રહણ ભારતમાં નહીં જોઈ શકાય. ભારતીય સમયાનુસાર સૂર્ય ગ્રહણ ૮ એપ્રીલે રાત્રે ૯.૧૨ વાગ્યાથી શરૂ થઈ જશે. ૮ એપ્રિલ સોમવારે ચૈત્ર અમાસ પર વર્ષનું પહેલું સૂર્ય ગ્રહણ લાગશે. આ પૂર્ણ સૂર્ય ગ્રહણ હશે જેને ખગ્રાસ સૂર્ય ગ્રહણ પણ કહેવામાં આવે છે. વિજ્ઞાન અનુસાર સૂર્ય ગ્રહણ હોય કે ચંદ્રગ્રહણ એક સામાન્ય ખગોળીય ઘટના હોય છે. પરંતુ જ્યોતિષ અનુસાર તેનો પ્રભાવ સામાન્ય વ્યક્તિના જીવન પર પડે છે.

આ સૂર્ય ગ્રહણ મીન રાશિ અને રેવતી નક્ષત્રમાં થવા જઈ રહ્યું છે. સૂર્ય ગ્રહણ ત્યારે લાગે છે જ્યારે ચંદ્ર પૃથ્વી અને સૂર્યની વચ્ચે આવી જાય છે. જેનાથી સૂર્યની દૃષ્ટિ સંપૂર્ણ રીતે અથવા તો આંશિક રીતે અવરોધિત થાય છે. ભારતીય સમયાનુંસાર સૂર્ય ગ્રહણ ૮ એપ્રિલે રાત્રે ૯ વાગીને ૧૨ મિનિટથી શરૂ થઈ જશે અને તેનું સમાપન રાત્રે ૧.૨૦ મિનિટ પર થશે. જોકે આ સૂર્ય ગ્રહણ ભારતમાં નહીં દેખાય. સૂર્ય ગ્રહણનો સમય ૫ કલાક ૧૦ મિનિટનો હશે.

આ સૂર્ય ગ્રહણ ભારતમાં નહીં દેખાય. કેનેડા, ઉત્તરી અમેરિકા, મેક્સિકોમાં દેખાશે. તેના ઉપરાંત કોસ્ટા રિકા, ક્યૂબા, ડોમિનિકા, ફ્રેન્ચ પોલિનેશિયા, જમૈકા, આયરલેન્ડ, ઈંગ્લેન્ડના ઉત્તર પશ્ચિમ ક્ષેત્ર, પશ્ચિમી યુરોપ, પેસિફિક, એટલાંટિક, આર્કટિકમાં આ ગ્રહણ દેખાશે.

## તાજમહેલથી વધુ પ્રવાસીઓ આવ્યા અયોધ્યા રામ મંદિરે

### બે મહિનામાં જ રામમંદિરને ૧૫ કરોડ રૂપિયાનું દાન મળ્યું

અયોધ્યા

યુપીમાં રામ મંદિર પ્રવાસીઓની પહેલી પસંદ બની ગયું છે. પ્રવાસીઓની સંખ્યાના સંદર્ભમાં હવે રામ મંદિરે તાજમહેલને પાછળ છોડી દીધું છે. કમાણીનું પણ કંઈક આવું જ છે. હવે પ્રવાસીઓની પહેલી પસંદ તાજમહેલ નહી પરંતુ કાશી વિશ્વનાથ અને રામ મંદિર છે. પ્રવાસન વિભાગના આંકડા આ વાતની સાક્ષી પૂરે છે. ગત વર્ષે કાશી બાદ સૌથી વધુ લોકો અયોધ્યા પહોંચ્યા હતા.

મંદિર-મસ્જિદ વિવાદને કારણે વર્ષોથી વિવાદમાં રહેલ અયોધ્યા હવે ધાર્મિક પર્યટનનું હબ બની ગયું છે. રામનગરીના સર્વાંગી વિકાસ માટે ૩૪ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ આકાર લઈ રહ્યા છે. સુવિધાઓ વધી હોવાથી રામનગરીમાં પ્રવાસન પણ વધ્યું છે.કોરિડોરે કાશીનો અને રામ મંદિરે અયોધ્યાનો ચહેરો બદલી નાખ્યો છે.સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં ઝડપથી વધારો થયો છે. દીપોત્સવ જેવા કાર્યક્રમોએ અયોધ્યાને વૈશ્ર્વિક ઓળખ અપાવી છે.

આગ્રામાં જ્યાં દર વર્ષે ૯૦ લાખથી એક કરોડ લોકો ત્યાં પહોંચી રહ્યા છે, હાલ પાંચ કરોડથી વધુ લોકો અયોધ્યા અને કાશી પહોંચી રહ્યા છે. રામ મંદિરે કમાણીના મામલામાં તાજમહેલને પણ પાછળ છોડી દીધું છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણના ડેટા અનુસાર, તાજમહેલને વર્ષ ૨૦૨૨માં ટિકિટના વેચાણથી ૨૫,૬૧,૭૩,૧૪૫ રૂપિયાની આવક મળી હતી, જ્યારે ૨૦૨૧માં ૯,૫૩,૪૧,૭૫ રૂપિયા. બીજી તરફ, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કાર્યાલય પ્રભારી પ્રકાશ ગુપ્તાનું કહેવું છે કે, બે મહિનામાં જ રામ લલ્લાને લગભગ ૧૫ કરોડ રૂપિયાનું દાન મળ્યું છે. આ ઉપરાંત સોનું, ચાંદી અને અન્ય ધાતુઓ પણ મોટી માત્રામાં મળી રહી છે.

## પશ્મિના માર્ચ પહેલા લેહમાં કલમ ૧૪૪ લાગુ

### વાંગચુકનો આરોપ - ચીને ૪૦૦૦ ચોરસ કિલોમીટર જમીન હડપ કરી

લેહ,

ક્લાઈમેટ એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકે લેહમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (ન્છઝ) સાથેના વિસ્તારોમાં પશ્મિના માર્ચ કાઢવાની જાહેરાત કરી છે. ૭ એપ્રિલે કાઢવામાં આવનાર પશ્મિના માર્ચમાં હજારો લોકો ભાગ લે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને લદ્દાખ પ્રશાસને લેહમાં કલમ ૧૪૪ લાગુ કરી છે. આ ઉપરાંત ઈન્ટરનેટ પ્રતિબંધનો આદેશ પણ જારી કરવામાં આવ્યો છે.



આદેશ મુજબ ઈન્ટરનેટ સેવા ઘટાડીને ૨ય કરવામાં આવશે. આ આદેશ શનિવારે સાંજે ૬ વાગ્યાથી રવિવારે સાંજે ૬ વાગ્યા સુધી લેહ શહેર અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૦ કિલોમીટરની ત્રિજ્યામાં લાગુ રહેશે.આ પશ્મિના માર્ચ લદ્દાખના તે ગોચરોમાં ચીની ઘૂસણખોરીને ઉજાગર કરવા અને પર્યાવરણીય રીતે નાજુક પ્રદેશની જમીની વાસ્તવિકતાઓને સામે લાવવા માટે કાઢવામાં આવશે. વાંગચુકે દાવો કર્યો છે કે ચીને લગભગ ૪૦૦૦ ચોરસ કિલોમીટર જમીન પર કબજો કરી લીધો છે. પશ્મિની ભરવાડો કૂચમાં જોડાશે જેઓ જણાવશે કે ગોચર પહેલા ક્યાં હતું અને આજે ક્યાં છે.

વાંગચુકે એક વીડિયો પોસ્ટ કર્યો હતો તેમણે એવો પણ દાવો કર્યો કે લદ્દાખ કેન્દ્રશાસિત પ્રદેશ હોવાથી પ્રશાસનને દિલ્હીથી સૂચનાઓ મળી રહી છે. તેમણે કહ્યું- કદાચ પ્રશાસનને કોઈપણ કિંમતે શાંતિ જાળવવા માટે કહેવામાં આવ્યું છે. ૩૧ દિવસથી ઉપવાસ ચાલુ છે અને કોઈ ઘટના બની નથી.

## રાજકોટમાં મહારેલી દરમિયાન પદ્મિનીબા બેભાન થઈ ઢળી પડ્યા

રાજકોટ

રાજકોટમાં ક્ષત્રિય સમાજની મહારેલી દરમિયાન કરણી સેનાના આગેવાન પદ્મિનીબા વાળા બેભાન થયા છે. પદ્મિનીબા વાળાએ અન્નનો ત્યાગ કર્યો હતો. સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

આ તકે કલેક્ટરને આવેદન આપી રજૂઆત કરવામાં આવી હતી કે, ક્ષત્રિય સમાજના રાજા-રજવાડાઓએ ૫૬૨ રજવાડાઓ દેશ માટે આપ્યા હતા,

ત્યારે ભાજપે તો એકમાત્ર ઉમેદવાર



તસવીર : દિલિપ ગોહેલ

રૂપાલાની ટિકિટ રદ કરવાની છે. જેથી વહેલી તકે તેમની ટિકિટ રદ કરવામાં આવે અન્યથા ઉગ્ર લડત લડવામાં આવશે. આ ઉપરાંત કલેકટર મારફત ભાજપ પક્ષ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવા માટે રાજ્ય સરકારને કહેવામાં આવે તેવી રજૂઆત કરી હતી. આ તકે અન્ન ત્યાગ ઉપર ઉતરેલા પદ્મિનીબા વાળાએ રૂપાલા ની ટિકિટ રદ ન થાય ત્યાં સુધી અન્ન ગ્રહણ ન કરવાનું એલાન કર્યું છે તો તેમની સાથે અન્ય ૫૦ બહેનો પણ જોડાઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. આ તકે પદ્મિનીબા બેભાન થઈ ઢળી પડ્યા હતા.

CMYK

# સબ રજિસ્ટ્રાર કચેરીમાં લેનાર, વેચનાર, સાક્ષી અને વકીલ સિવાય પ્રવેશ કરનાર સામે ફોજદારીના આદેશ

## રાજ્યમાં દસ્તાવેજ નોંધણી સમયે થતી શંકાસ્પદ પ્રવૃત્તિ અટકાવવા લેવાયો નિર્ણય

રાજકોટઃ

રાજકોટ સહિત રાજયમાં દસ્તાવેજ નોંધણી સમયે થતી શંકાસ્પદ પ્રવૃત્તિ અટકાવવા લેવાયો નિર્ણય નોંધણી સર નિરીક્ષક દ્વારા તમામ ઝોનની અલગ-અલગ કચેરીઓમાં ૨૦મી સુધી સરપ્રાઈઝ ચેકિંગ કરવા હુકમરાજયની સબ રજિસ્ટ્રાર કચેરીમાં અનઅધિકૃત રીતે પ્રવેશ કરતા વ્યક્તિઓ સામે ફોજદારી કાર્યવાહી કરવા નોંધણી સર નિરીક્ષક અને સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પસ દ્વારા તમામ ઝોનના અધિક નોંધણી સર નિરીક્ષકને પરિપત્ર કરી આદેશ કરાયો છે. તેમજ આ કામગીરીમાં ચૂક થયે સબંધિત અધિકારીની અંગત જવાબદારી રહેશે તેમ જણાવતા અધિકારીઓમાં પણ સોંપો પડી ગયો છે.આ પરિપત્રમાં જણાવ્યું હતું કે, રાજયની તમામ સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી માટે સબંધિત પક્ષકારો કચેરીમાં આવે છે તેની સાથે અનઅધિકૃત વ્યક્તિઓ પણ પ્રવેશ કરી કચેરીની કામગીરીની ગુપ્તતાનો ભંગ થાય તેમ સરકારની ગરિમાને નુકસાન પહોંચે તેવું વર્તન કરતા હોવાના કિસ્સાઓ ધ્યાનમાં આવેલા છે. દસ્તાવેજની નોંધણી સાથે સીધી રીતે સંકળાયેલા પક્ષકારો જેવા કે લખી આપનાર, લખાવી આપનાર અને ઓળખાણ

## કામગીરીમાં ચૂક થયે સબંધિત અધિકારીની અંગત જવાબદારી રહેશે તેમ જણાવતા અધિકારીઓમાં પણ સોંપો પડી ગયો

આપનાર સિવાયની અન્ય કોઈ વ્યક્તિની કચેરીમાં બિનજરૂરી હાજરી જણાશે કે સબ રજિસ્ટ્રાર કચેરીમાં અનઅધિકૃત વ્યક્તિને સરકારી કામ અર્થે રાખવામાં આવશે તો તે અંગે કચેરીના વડા તરીકે સબ રજિસ્ટ્રારને જવાબદાર ગણી તેમની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ફરજ પડશે તેવી સૂચના આપવામાં આવી છે.સબ રજિસ્ટ્રાર કચેરીઓમાં અનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ અંગે નિયંત્રણ માટે તા.૨૦મી સુધી સબ રજિસ્ટ્રાર કચેરીઓનું આકસ્મિક ચેકિંગ કરી તેની વીડિયોગ્રાફી અને ફોટો ગાંધીનગર ખાતે વડી કચેરીને મોકલી આપવા જણાવાયું છે. તેમજ ચેકિંગ દરમિયાન કોઈ અનઅધિકૃત વ્યક્તિની હાજરી જણાય તો તેની સામે તપાસ કરનાર અધિકારીએ ફોજદારી કાર્યવાહી કરી તેનો અહેવાલ મોકલી આપવા પણ આદેશ કરાયો છે.કયા અધિકારીએ દરરોજ કેટલી સબ રજિસ્ટ્રાર કચેરીમાં તપાસ કરવાની રહેશે:અધિક નોંધણી સર નિરીક્ષક ૫,મદદનીશ નોંધણી સર નિરીક્ષક ઝોન ૧૦,નોંધણી નિરીક્ષક ઝોન ૧૨,મુખ્ય સ્ટેમ્પ નિરીક્ષક ઝોન ૧૨,મદદનીશ નોંધણી સર નિરીક્ષક (કોર્પોરેશન) ૧૫,નોંધણી નિરીક્ષક તમામ ૧૨.

## પરિપત્રથી રેવન્યૂ બાર એસોસિએશનના વકીલોમાં ઉગ્ર વિરોધ ફાટી નીકળ્યો

### સરકાર અનઅધિકૃતની વ્યાખ્યા જાહેર કરેઃ બાર એસો.

રાજકોટઃતાજેતરમાં નોંધણી સર નિરીક્ષક અને સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ કચેરી દ્વારા એક પરિપત્ર જાહેર કરાયો છે. જેમાં દસ્તાવેજ કરતી વખતે લખી આપનાર, લખાવી લેનાર અને માત્ર સાક્ષી સિવાય કોઈપણ અનઅધિકૃત વ્યક્તિને પ્રવેશ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. સામાન્ય રીતે દસ્તાવેજ કરતી વખતે વકીલો સાથે હોય છે. ત્યારે આ પરિપત્ર દ્વારા એડવોકેટને ટાર્ગેટ કરવામાં આવ્યા હોવાના આરોપ સાથે આજે નોંધણી કચેરીએ વકીલો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. તેમજ આ પરિપત્ર પરત લેવા આવેદન પાઠવી રજૂઆત કરવામાં આવી હતી.રેવન્યુ બાર એસોસિએશનનાં સભ્ય જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં દસ્તાવેજ સમયે ખરીદનાર, વેચનાર અને સાક્ષી સિવાય કોઈને સાથે રહેવાની મનાઈ કરી દેવામાં આવી



છે. ખરેખર દસ્તાવેજની કામગીરી ટેક્નિકલ હોય છે. ભવિષ્યમાં જ્યારે પણ જરૂર પડે ત્યારે પણ વારંવાર તેનો ઉપયોગ થતો હોય છે. ત્યારે આ કામગીરી સચોટ રીતે થાય તેના માટે વકીલોની હાજરી અનિવાર્ય છે. ભવિષ્યમાં કોઈપણ પ્રશ્ન ન ઉદભવે તે માટેનાં ટેક્નિકલ મુદ્દાઓ જોઈને દસ્તાવેજની પ્રક્રિયા વકીલો જ કરાવતા હોય છે.સામાન્ય લોકોને આ માટેના ગરવી ગુજરાત સહિતના સોફ્ટવેરમાં કોઈ ખ્યાલ આવે તેવી શક્યતા ન હોવાથી એડવોકેટની હાજરી જરૂરી છે. આ દસ્તાવેજ જે-તે વ્યક્તિની મરણમૂડી સમાન હોય છે. ત્યારે તેમાં કોઈ કચાશ ન રહે અને સચોટ કામગીરી થાય તે જરૂરી છે. ભવિષ્યમાં કોઈ ત્રાહિત વ્યક્તિ આવીને ડુપ્લિકેટ દસ્તાવેજ ન કરે તેની કાળજી રાખીને વકીલો કામગીરી કરતા હોય છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા અનઅધિકૃત વ્યક્તિની વ્યાખ્યા વિનાનો કરાયેલો પરિપત્ર અયોગ્ય છે. અને અમે તેનો સખત વિરોધ કરી આ પરિપત્ર પરત લેવા માટેની માંગ કરીએ છીએ.આ અંગેની રજૂઆતમાં જણાવ્યા મુજબ, કોઈપણ દેશમાં, કોઈ પણ કામગીરીમાં એડવોકેટ રાખવાનો હક દરેક નાગરિકને આપેલ છે અને તેવી કાયદામાં જોગવાઈ પણ છે. બધી બાબતથી લોકો કાયદાકીય રીતે પરિચિત હોતા નથી અને જ્યારે દસ્તાવેજની મોટા ભાગની કામગીરીમાં અડવોકટે જ સંકળાયેલ હોય છે.

# શ્રમિકોના કામના કલાક નહી પરંતુ કાર્યક્ષમતા અને પ્રેરણામાં વધારો કરવો જોઈએ

રાજકોટઃકચ્છ સૌરાષ્ટ્ર પ્રોડક્વીટી કાઉન્સિલ . ગવર્નિંગ બોડી ની એક મીટીંગ મળેલ હતી. જેમાં ગવર્નિંગ બોડી ના અંતે ત્રિપક્ષી બોડી હોવાથી માલિક, મજૂર, અને સરકારના પ્રતિનિધિઓ સમક્ષ હાલની પરિસ્થિતિ વિશે જણાવતા

શ્રમિકોના કામના કલાકનો મુદ્દો સમાજ માટે ગંભીર છે અને તેના પર ઊંડો વિચાર કરવો જરૂરી છે. વર્તમાનમાં ઝડપથી બદલાતા યુગમાં, શ્રમિકોનો સમય અને તેમની શક્તિનું યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવું મહત્વપુર્ણ છે. દેશના પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ઈન્ફોસીસ ના સંસ્થાપક શ્રી એન.આર. નારાયણ મૂર્તિએ જણાવ્યું છે કે દેશના વિકાસ માટે યુવકોએ અઠવાડીયામાં ૭૦ કલાક કામ કરવું જોઈએ. તેમનું આ વાકય ભાવુકતાની દષ્ટિથી યોગ્ય હોઈ શકે છે, પરંતુ વ્યાવહારિક નથી. વ્યક્તિ એક દિવસમાં પુર્ણ ક્ષમતા સાથે ૮ થી ૧૦ કલાક તો કામ કરી શકે પરંતુ ૧૨ કલાક પૂર્ણ ક્ષમતા સાથે કામ ન કરી શકે. ઘણા સંશોધનોથી એક પ્રમાણિત પણ થઈ ચૂકયું છે. કાર્યનો સમય વધારીને શ્રમિકનો સમય તો લઈ શકાય છે પણ સમયના વધારાના ગુણોત્તર સાથે ઉત્પાદનમાં વધારો કરવો પડકારભર્યો ગણાશે. કામના કલાકોમાં વધારો શ્રમિકના શારીરિક અને માનસિક આરોગ્ય પર વિપરિત અસર કરશે. બહુપરિમાણી અર્થવ્યવસ્થામાં, ઘણા શ્રમિકો લાંબા સમયથી કામ કરી રહ્યાં છે, જેનાથી તેમના આરોગ્યની સમસ્યા ઉભી થાય છે અને પરિવારની સાથે સમય પસાર કરવાનો અધિકાર સંકટમય બની જાય છે.

શ્રમિક આંદોલનની શરૂઆતથી પૂર્વે શ્રમિકોની દશા ભારતે જોઈ છે. જ્યારે કાર્યના કોઈ કલાક નિશ્ચિત ન હતાં ત્યારે શ્રમિકો પાસેથી ૧૨ થી ૧૬ કલાક કામ લેવામાં આવતું હતું અને ઘણું ઓછું વેતન આપવામાં આવતું હતું. ત્યારે પણ વિશ્વના દેશોમાં ઉત્પાદન ક્ષમતામાં આપણે અગ્રણી ન હતાં. આજે પણ ભારત સરેરાશ કામના કલાકના વિષયમાં વિશ્વમાં સાતમાં સ્થાને છે. આપણે ત્યાં સરેરાશ કામના કલાક પ્રતિ અઠવાડીયે ૪૮ છે. આ સરેરાશ આપણા પાડોશી દેશ ચીન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી ઘણી વધારે છે. પરંતુ પ્રમુખ ઉત્પાદક દેશોની યાદીમાં આપણું કોઈ સ્થાન નથી. વિચાર કરતાં ધ્યાને આવે છે કે ઉત્પાદકતા વધારવા માટે ફક્ત કાર્યનો સમય વધારવો જરૂરી નથી પરંતુ તેમની ટેકનીકલ યોગ્યતા, તાલિમ, કાર્યસ્થળનું વાતાવરણ તથા સમ્માનજનક વેતન અને સામાજિક સુરક્ષા આવશ્યક છે.

આથી શ્રમિકોના કામના કલાકો વધારવાને બદલે તેમને નવી ટેકનોલોજીની તાલિમ આપવામાં આવે જે એક નિરંતર ચાલનારી પ્રક્રિયા છે. તેમને યોગ્ય પ્રેરણા આપવામાં આવે અને ઉદ્યોગ પ્રત્યે તેમનામાં સમર્પણની ભાવના જગાડવામાં આવે. શ્રમિકોને પણ માનવીય સમ્માન આપવામાં આવે તો તેમનું સમર્પણ ઉદ્યોગો તરફ વધશે જેનાથી ઉત્પાદકતામાં વૃધ્ધી થશે. સમયનું યોગ્ય વ્યવસ્થાપન તેમજ પ્રેરણા ન હોવાથી કર્મચારી પોતાના વ્યવસાયિક, વ્યક્તિગત અને સામાજિક જીવનની વચ્ચે સંતુલનના અભાવનો અનુભવ કરે છે. આવા વાતાવરણમાં, સરકાર, ઉદ્યોગપતિઓએ શ્રમિકોના કાર્યસમયને ધ્યાનમાં રાખીને તેના લાભો અને સુરક્ષાની ગેરંઠીને મજબુત કરવી જોઈએ. સાથે જ કાર્યસ્થળ પર કામ કરવા માટેનું ઉત્તમ વાતાવરણ સુનિશ્ચિત કરવામાં આવે. આમ કરવાથી ફક્ત તેમની કાર્યક્ષમતામાં વધારો જ નહિ પરંતુ તેમની પ્રેરણા પણ વધશે અને તેમના જીવનસ્તરને સુધારશે તથા સામાજીક સ્તર પર પણ સ્થાયિત્વ અને સમૃધ્ધીનો માર્ગ પ્રશસ્ત થશે.

આ ઉપરાંત, શ્રમિકોને લઘુત્તમ વેતન અને વધારે સુવિધાઓ આપવાની સાથે-સાથે, તેમને સમયનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની વ્યવસ્થા માટે સ્વતંત્રતા આપવી જોઈએ. આ સ્પષ્ટ કરશે કે શ્રમિકોનો સમય તેના સ્વાસ્થ્ય, પરિવાર અને સામાજિક જીવનની સાથે સંતુલિત રહે. આથી, આ મુદ્દા પર ગંભિરતાથી વિચાર કરવો અને બધાએ સાથે મળીને આમાં સુધાર કરવાનો સંકલ્પ લેવો આપણા સમાજ માટે ઉત્તમ રહેશે.

# નાકરાવાડીમાં કચરો દૂર કરવાની મુદત ૩ મહિના જ બાકી

### મુલ્યાંકન પહેલા કચરો દૂર નહીં થાય તો દંડની સંભાવના



રાજકોટઃ રાજકોટ મહાનગરપાલિકાએ સ્વચ્છતા સર્વેક્ષણ અન્વયે વિવિધ કામગીરી ચાલુ કરી છે. અલગ-અલગ વિસ્તારમાં સ્વચ્છતાલક્ષી શિક્ષણ, પ્રતિબંધિત પ્લાસ્ટિક તેમજ ગંદકી ફેલાવવા બદલ દંડ, સીસીટીવી મારફત જાહેરમાં થૂંકતા લોકોને ઈ મેમો ફટકારવામાં આવી રહ્યો છે. ગત વર્ષે આ બધી કાર્યવાહી થઈ હતી પણ રેન્કિંગમાં પછડાટ મળી હતી અને તે પાછળ નાકરાવાડીનો જૂનો કચરો જવાબદાર નીકળ્યો હતો. આ પ્રશ્ન હલ કરવા માટે હવે ૩ મહિના જ બાકી રહ્યા છે નહીંતર ફરી રેન્ક ગુમાવવો પડશે.સ્વચ્છતા સર્વેક્ષણમાં અત્યાર સુધી રાજકોટ ટોચે રહ્યું હતું પણ આ માટે એક મહત્વની બાબત મનપાએ છુપાવી હતી. મનપાએ કચરાના નિકાલ માટે હયાત જે કચરો નીકળે છે અને પ્રોસેસ થાય છે તે જ વાત આટલા વર્ષોથી સર્વેક્ષણ સામે નોંધાવી હતી. વર્ષો જૂના કચરાના જે નાકરાવાડીમાં ઢગલા થયા છે તેની નોંધ કરાવી ન હતી. જૂના કચરાને કારણે આસપાસના ગામોના જમીનના તળ તેમજ વાયુ પ્રદૂષણ ફેલાતા મામલો નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં પહોંચ્યો હતો જ્યાં મનપાને તાકીદના ધોરણે કામ કરવાની ફરજ પડી હતી. આ કચરાના નિકાલ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ થાય જે મનપા પોતે ભોગવી શકે તેમ ન હોવાથી કેન્દ્ર સરકાર પાસે ગ્રાન્ટની માગ કરવામાં આવી હતી. લિગેસી વેસ્ટના નિકાલને સરકારે મહત્વ આપ્યું હોવાથી ગ્રાન્ટ મંજૂર કરાઈ હતી. જો કે આવી ગ્રાન્ટ જ્યાં પણ મંજૂર કરાઈ છે તેનો રિપોર્ટ સ્વચ્છતા સર્વેક્ષણની ટીમને પણ અપાય છે. જેને લઈને રાજકોટની છૂપી બાબત સામે આવતા રાજકોટના માર્ક કપાયા હતા તો બીજી તરફ એનજીટીની સુનાવણીમાં પણ મનપાને વારંવાર કચરાના નિકાલ માટે કહેવાયું છે.મનપાએ લિગેસી વેસ્ટને ઠેકાણે પાડવા કરોડો ખર્ચી નાખ્યા છે અને તે પ્રોજેક્ટની મુદત પણ જૂન માસ સુધીની છે. ત્યાં સુધીમાં બધો જ કચરો ઠેકાણે પાડી દેવાનો છે. જો ત્યાં સુધીમા કામ નહિ થાય અને સર્વેક્ષણની ટીમ એ જ નોંધ કરશે કે લિગેસી વેસ્ટ પ્રોસેસ થયો નથી તો રાજકોટ શહેરની અંદર ગમે તેટલી કડકાઈથી લોકોને દંડ કરાય કે જપ્તી અને સિલિંગની કાર્યવાહી થાય તો પણ રાજકોટને સારો રેન્ક મળવાનો નથી. આ ઉપરાંત સમય વિત્યા બાદ કામ નહીં થયું તો એનજીટીમાં પણ જવાબ આપવો મનપાને મુશ્કેલ થઈ શકશે.

# પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ અંગત અદાવત હોય અને ઘર્ષણ થાય તેમ ઈરાદાપૂર્વક વર્તી રહ્યાનો આક્ષેપ:બાર એસો.

### ઝેરોક્ષ મશીન જપ્તીના વિરોધમાં રાજકોટ બાર એસો.ના હોદ્દેદારોએ કર્યા ગંભીર આક્ષેપ

રાજકોટ:રાજકોટ બાર એસોસિએશનના રૂમમાંથી ૪૦ વર્ષથી આવેલા ઝેરોક્ષ મશીનની પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજની સૂચનાથી રજિસ્ટ્રારે જપ્તીની કાર્યવાહી કરતા તેના વિરોધમાં શુક્રવારે વકીલોએ કાળી પટ્ટી ધારણ કરી સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો અને પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ અંગત અદાવત હોય અને ઘર્ષણ થાય તેમ ઈરાદાપૂર્વક વર્તી રહ્યાનો આક્ષેપ રાજકોટ બાર એસોસિએશને કર્યો છે.રાજકોટ બાર એસોસિએશને જારી કરેલી યાદીમાં જણાવ્યું હતું કે, બાર રૂમમાં છેલ્લા ૪૦ વર્ષથી આવેલા ઝેરોક્ષ મશીન પીડીજે વચ્છાણીના હુકમથી રાજકોટ ડિસ્ટ્રિક્ટ કોર્ટના રજિસ્ટ્રાર દ્વારા કોઈપણ જાતની પ્રોસિજર અનુસર્યા વગર કે સ્થળ પર પંચનામું કે રોજકામ કર્યા વગર તથા વર્તમાન હોદ્દેદારોને જાણ કર્યા વગર કે કોઈ હુકમની બજવણી કર્યા વગર ગેરકાયદેસર રીતે મનસ્વી રીતે જપ્ત કરેલ હતું. આ ઝેરોક્ષ મશીન પરત કરવા સિનિયર અને જુનિયર વકીલોએ કરેલી રજૂઆતો પણ નજર




અંદાજ કરી હતી. રાજકોટ બારની લાઈબ્રેરીની બુકોની જાળવણીના શુભ હેતુથી બારમાં ઝેરોક્ષ મશીન રાખ્યું હતું તેમ છતાં રાજકોટ બાર સાથે અંગત અદાવત હોય તે રીતે વર્તી રહેલ હોય જેના કારણે બારના સભ્યોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. પીડીજે દ્વારા કોઈપણ માધ્યમથી રાજકોટ બાર એસોસિએશન તથા તેના સભ્યો સાથે ઘર્ષણ કરવા ઈરાદાપૂર્વક પ્રયાસ થઈ રહ્યાનો આક્ષેપ કરી તેના વિરોધમાં કાર્યક્રમ આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે.

# તપસ્વીરત્ન હંસરત્ન સૂરીશ્વરજી મહારાજના ૧૦૦મા માસક્ષમણનું પારણું અભૂતપૂર્વ રીતે સંપન્ન

રાજકોટઃતપસ્વીરત્ન આ. ભગવંત હંસરત્નસૂરીશ્વરજી મહારાજનું ૧૦૦મા માસક્ષમણનું પારણું રવિવારે ૩૧ માર્ચ ૨૦૨૪ના રોજ સવારે ૯ કલાકે સેંકડો સાધુ-સાધ્વીજીની નિશ્રામાં તેમ જ હજારો શ્રાવક-શ્રાવિકાઓની નિશ્રામાં રંગે-ચંગે પાર પડ્યું હતું.

ગચ્છાધિપતિ શ્રી નરદેવસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબની પુણ્ય નિશ્રામાં તેમ જ પ. પૂ. આ. ભગવંત શ્રી જગવલ્લભસૂરીશ્વરજી મહારાજ, પ.પૂ. ગચ્છાધિપતિ આ. ભગવંત શ્રી રાજશેખસૂરીશ્વજી મહારાજા તેમ જ અન્ય ૩૫૦ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતની નિશ્રામાં લગભગ પાંચેક હજાર જેટલા પૂણ્યશાળીઓની હાજરીમાં અભૂતપૂર્વ રીતે આ પારણું સંપન્ન થયું હતું.

અત્યાર સુધીના અનેક પારણામાં આ વખતનું પૂજ્ય ગુરુદેવનું એનએસયુ વર્લી ખાતેના ડોમમાં પદાર્પણ અનેરું રહ્યું હતું. અને સંગીતની સૂરાવલી સાથે સ્વાગત નૃત્ય પણ ચિત્ત આકર્ષક હતું.

સમગ્ર વિશ્વમાં કતલખાનાઓ બંધ થાય અને આદિ-વ્યાધિ અને ઉપાધિમાં રહેલા મનુષ્યો શાંત - પ્રશાંત અને ઉપશાંત થાય તે હેતુથી પૂજ્ય ગુરુદેવે આ વિશ્વવિક્રમી ૭મી વખતના ૧૮૦ ઉપવાસના અંતર્ગત ૧૦૦મા માસક્ષમણનું પારણું કર્યું હતું.

એક માસક્ષમણમાં ૩૦ ઉપવાસ આવતા હોય છે અને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી તેમાં માત્ર ઉકાળેલું પાણી વાપરવામાં આવતું હોય છે.

પોતાના જીવનમાં છેલ્લા ૨૨ વર્ષમાં જેમણે ૧૩ વર્ષ જેટલા ઉપવાસ કર્યા છે અને તેમની આ તપશ્ચર્યા સમગ્ર જગતના ચિંતકો, ડોક્ટરો અને ડાયટિશિયનોને અચંબો પમાડે તેવી છે કેમ કે તેઓ જણાવે છે કે શરીર અને મન કરતાં આત્મના શક્તિ અનંતગણી વધારે છે. મનની શક્તિ સાથે પોતાના આત્મામાં લબ્ધી પ્રગટ કરીને છેલ્લા ૨૫૦૦ વર્ષના ઈતિહાસમાં કોઈએ ન આદરેલી હોય તેવી આ અઘાટ તપશ્ચર્યા અભૂતપૂર્વ રીતે સંયમના અન્ય યોગોને બાધા ન પહોંચે તેવી રીતે પૂર્ણ કરી છે.

પ. પૂ. આ. ભગવંત શ્રી હંસરત્નસૂરીશ્વરજી મહારાજાને સકળ શ્રી સંઘ તરફથી તપોરત્નમહોદધિની પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

# શાળાઓમાં ચાલતી ગેરકાયદે શૈક્ષણિક પ્રવૃતિઓના દૂષણોને દૂર કરવા આવેદન

રાજકોટ:ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિયેશન (ગુજરાત) ના નેતૃત્વમાં કોચિંગ ક્લાસ ઓનર્સ એસોસિએશન રાજકોટ સંયુક્ત રીતે, શાળાઓમાં ચાલતી ગેરકાયદે શૈક્ષણિક પ્રવૃતિઓના દૂષણોને દૂર કરવા તેમજ શૈક્ષણિક અધિનિયમ ૧૯૭૨ ના તથા ટ્યુશન અધિનિયમ ૨૦૦૫ ના કડકપણે પાલન અર્થે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી આવેદન આપવામાં આવેલ.

આ ઉપરાંત આ નિયમોનું છડેચોક ઉલ્લંઘન કરતી શાળાઓના નામ અને સમય જોગ લેખિતમાં રજૂઆત કરવામાં આવેલ જે અંગે રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા હકારાત્મક અભિગમ દાખવી ઘટતું કરવાની બાંહેધરી આપવામાં આવી છે.

આ ઉપરાંત જે શાળાઓમાં આવી પ્રવૃત્તિઓ થઈ રહી છે એ પૈકી કડવી બાઈ વિરાણી, કોટક ગર્લ્સ સ્કૂલ તથા વિરાણી હાઈસ્કુલ ખાતે આગામી



શૈક્ષણિક વર્ષથી આ ગેરકાયદે પ્રવૃતિઓ બંધ કરવા માટે લેખિત આવેદન સાથે રજૂઆત કરવામાં આવેલ છે તથા આગામી દિવસોમાં આવી અનેક શાળાઓમાં આ બાબતે આવેદન આપવામાં આવશે.

આગામી સમયમાં જો આ બાબતે યોગ્ય પગલાં નહીં લેવાય તો ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિયેશન ગુજરાત ના નેતૃત્વમાં કોચિંગ ક્લાસ ઓનર્સ એસોસિએશન રાજકોટ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવેલ ઉપરાંત જરૂર પડ્યે હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટ સુધી વાત પહોંચે તેવી શક્યતા પણ દર્શાવવામાં આવેલ છે

# ત્રિદીવસીય ''ઓર્ગેનિક ખેડૂત હાટ''નું આયોજન

રાજકોટ:આઝાદીના અમૃતકાળમાં ''ઝેર મુકત ખેતી – ગૌ આધારિત ખેતી'' અભિયાન દ્વારા જમીનને ઉર્વરા યુક્ત અને સમાજને સ્વસ્થ બનાવવાના ભગીરથ પ્રયાસો થઈ રહ્યા છે. અનેક ખેડૂતો ગૌ આધારિત કૃષિ અભિયાનમાં સજીવ ખેતી, ઝેર મુકત ખેતી, ઓર્ગેનીક ફાર્મીંગ, પાલેકર કૃષિ, પ્રાકૃતિક કૃષિ જેવા વિવિધ નામોથી કૃષિ ઉત્પાદનો કરી રહ્યા છે. સમાજમાં હજુ ''ઓર્ગેનિક પ્રોડક્ટસ''ના ગુણો અંગે જાગૃતિના અભાવના કારણે આવા ખેડૂતોને માર્કેટ સરળતાથી ઉપલબ્ધ થતું નથી. જ્યારે લોકો ઝેર મુક્ત અનાજ, કઠોળ, ફળ – ફળાદી ખરીદવા માટે માંગ કરી રહ્યા છે. પરંતુ લોકોને ક્યાંથી ભરોસા પાત્ર ઉત્પાદનો મળશે તે ખ્યાલ નથી અને ખેડૂતોને તે માટેનું યોગ્ય માર્કેટ મળતું નથી. પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન કરતા ખેડૂતો અને પ્રાકૃતિક કૃષિને સમજતા ગ્રાહકોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે આગામી તારીખ ૧૨-૧૩-૧૪ એપ્રિલના સવાર ના ૦૮:૦૦ થી સાંજના ૧૦:૦૦ વાગ્યા સુધી રાજકોટમાં કાલાવડ રોડ સ્થિત આત્મીય યુનિવર્સિટીના કેમ્પસમાં જી. સી. સી. આઈ., યોગિધામ(આત્મીય યુનિવર્સિટિ),અને નવરંગ નેચર ક્લબના સંયુક્ત ઉપક્રમે ત્રી દિવસીય ''ઓર્ગેનિક ખેડૂત હાટ'' વેચાણનું આયોજન કરેલ છે.

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ઓર્ગેનિક ખેતી પોતાના જણાવે છે કે સજીવ ખેતી ગ્રામીણ વિકાસને આગળ ધપાવવા અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોને સશક્ત બનાવવાની અપાર સંભાવનાઓ ધરાવે છે. ઓર્ગેનિક સેક્ટરમાં મૂલ્યવૃદ્ધિ, બજાર જોડાણો અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને આપણે આજીવિકાની ટકાઉ તકો ઊભી કરી શકીએ છીએ અને ગ્રામીણ-શહેરી વિભાજનને દૂર કરી શકીએ છીએ. પરમપરાગત કૃષિ વિકાસ યોજના અને નેશનલ પ્રોગ્રામ ફોર ઓર્ગેનિક પ્રોડક્શન જેવી પહેલ દ્વારા, આપણે ઓર્ગેનિક ખેતીની આર્થિક ક્ષમતાને ખોલવા અને તેના લાભો આપણા દેશના દરેક ખૂણે પહોંચે તેની ખાતરી કરવા માટે કામ કરી રહ્યા છીએ.

ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા ઉપરાંત, ગ્રાહક જાગૃતિ અને ઓર્ગેનિક ઉત્પાદનોની માંગ વધારવા માટે પણ પ્રતિબદ્ધ છીએ. ઝુંબેશો, શૈક્ષણિક પહેલો અને ગુણવત્તા ખાતરીનાં પગલાં દ્વારા, કાર્બનિક ઉત્પાદનોમાં વિશ્વાસ અને વિશ્વાસ કેળવીએ, જેનાથી ગ્રાહકો તેમના સ્વાસ્થ્ય અને પર્યાવરણને લાભદાયક માહિતીપ્રદ પસંદગીઓ કરવા સક્ષમ બને.

જેમ જેમ આપણે આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરવાનો પ્રયાસ કરીએ છીએ, તેમ ઓર્ગેનિક ખેતી આપણા વિઝનના મુખ્ય આધારસ્તંભ તરીકે ઉભરી આવે છે. રાસાયણિક ઈનપુટ્સ પરની આપણી અવલંબન ઘટાડીને અને સ્વદેશી, પ્રકૃતિ-આધારિત ઉકેલોને પ્રોત્સાહન આપીને, આપણે આપણી ખાદ્ય સાર્વભૌમત્વને મજબૂત બનાવી શકીએ છીએ, બાહ્ય આંચકાઓ સામે આપણી સ્થિતિસ્થાપકતા વધારી શકીએ છીએ અને વધુ ટકાઉ અને સમાવિષ્ટ કૃષિ પ્રણાલીનું નિર્માણ કરી શકીએ છીએ.તમામ હિસ્સેદારો-ખેડૂતો, નીતિ નિર્માતાઓ, વૈજ્ઞાનિકો, ઉદ્યોગસાહસિકો અને ઉપભોક્તાઓને - એક કાર્બનિક ભારતના વિઝનને સાકાર કરવા માટે ચાલો સાથે મળીને, આપણે એક ભવિષ્ય બનાવવા માટે સજીવ ખેતીની શક્તિનો ઉપયોગ કરીએ જ્યાં કૃષિ માત્ર ઉત્પાદનનું સાધન નથી પણ સારા માટેનું બળ છે - એક એવી શક્તિ જે આપણા શરીરને પોષણ આપે છે, આપણા સમુદાયોને ટકાવી રાખે છે અને આવનારી પેઢીઓ માટે આપણી જમીનની સુંદરતા અને બક્ષિસને જાળવી રાખે છે.

# રાજકોટ સરકારી ઈજનેરી કોલેજ ખાતે પેપર અને પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા યોજાઈ

રાજકોટ:સરકારી ઈજનેરી કોલેજ,રાજકોટ ખાતે îRECENT INNOVATIONS IN SCIENCE AND TECHNOLOGY(RIST-2024)î કોન્ફરેન્સ માં પેપર અને પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરેન્સ સરકારી ઈજનેરી કોલેજ રાજકોટ તથા વિજ્ઞાન ગુર્જરી દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. જેમાં મુખ્ય આયોજક કર્તા સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ ના આચાર્યશ્રી પ્રો. (ડો.) કે.જી.મારડિયા તથા વિજ્ઞાન ગુર્જરીના પ્રેસિડેન્ટ પ્રો. ચિંતન જોષી હતા. જેમાં વિવિધ ઈજનેરી અને વિજ્ઞાન શાખાના વિવિધ વિષયોના કુલ ૪૩ પોસ્ટર તથા ૧૧ સંશોધન પત્રો આવેલ હતા. આ ઈવેન્ટમાં મુખ્ય અતિથિ તરીકે પ્રો. ગિરીશ ભીમાણી (ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) અને ડો. નિકેશ શાહ, પ્રમુખશ્રી, વિજ્ઞાન ગુર્જરીએ હાજરી આપેલી હતી. આ કોન્ફરેન્સ માં બેસ્ટ પેપર તથા પોસ્ટર ને રેન્ક આપવામાં આવેલ હતી. પ્રથમ રેન્કનું પેપર સિવિલ ઈજનેરી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ રાજકોટ માંથી આવેલ હતું. જે ''આઊટ રીગર સિસ્ટમ ફોર ટોલ બિલ્ડિંગસ '' વિષય ઉપર આધારિત હતું. બીજા અને ત્રીજી રેન્કનું પેપર મિકેનીકલ ઈજનેરી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ રાજકોટ વિભાગ માંથી આવેલ હતું. જે ''મિગ વેલ્ડિંગ પેરમીટર '' અને ''ક્રોસ પેટર્ન પીસ્ટોન ના ફાઈનાઈટ એનાલિસિસ'' વિષય ઉપર આધારિત હતું. આ ઈવેન્ટ દરમ્યાન પોસ્ટર માટે પણ રેન્ક આપવામાં આવેલ હતા. જેમાં પ્રથમ અને ત્રીજી રેન્ક ભૌતિક શાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના ''ફોટો કેટેલીટીક ક્લોથ'' અને ''રોલ ઓફ સ્વિફ્ટ હેવી આયન ઈરરેડિયસન ઓન મેગ્નાઈટ બેસ્ડ થીન ફિલ્મ્સ ફોર ડીવાઈસ એપલીકેસન'' પોસ્ટર ને આપવામાં આવેલ હતું અને બીજો રેન્ક સિવિલ ઈજનેરી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ રાજકોટ ને ''હાઈ સ્ટ્રેન્થ કોક્રીટ'' પોસ્ટર ને આપવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

# ગુજરાતના રાજકીય જંગમાં ભૂતકાળની ભૂમિકા

લોકસભાની ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે ઉમેદવારોની પસંદગીના કળશ ઢોળાઈ રહ્યા છે. ભાજપ કોઈ પણ ક્ષણે કોઈ પણ પડકાર ઝીલવા માટે સજ્જ છે પરંતુ કોંગ્રેસ અને આમ આદમીની પાર્ટીના નેતાઓ પોતાના પક્ષના ઉમેદવારોમાં હજી ગૂંચવાયેલા છે. કોંગ્રેસ માને છે કે પોતાના પક્ષના સારા સારા નેતાઓ સામે છાવણીમાં જઈને બેઠા છે ત્યારે ભાજપના ઝંઝાવવા સામે કોને ચૂંટણીના મેદાને જંગ માં ઉતારવા તેની ગડમથલ હજી ચાલી રહી છે ત્યારે ગુજરાતના રાજકીય ભૂતકાળમાં ડોકિયું કરવું આજના સંદર્ભમાં જરૂરી છે. માર્ચ મહિનાના પહેલા અઠવાડિયામાં કોંગ્રેસના મોટા નેતા અર્જુન મોઢવાડિયા ભાજપમાં જોડાઈ ગયા હતા. મોઢવાડિયા કોંગ્રેસના પૂર્વ પ્રદેશાધ્યક્ષ તથા ગુજરાત વિધાનસભામાં વિપક્ષના નેતા પદે પણ રહ્યા હતા. તેઓ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી સમયે ભાજપના વાવાઝોડામાં પણ પોરબંદરની બેઠક પરથી ચૂંટાઈ આવ્યા હતા.

જોકે, આ પહેલો પ્રસંગ નથી કે કોંગ્રેસમાં આંતરિક ફાંટ પડી હોય. રાજ્યની સ્થાપનાના પ્રારંભિક વર્ષોમાં જ એવું બન્યું હતું કે કોંગ્રેસના મુખ્ય મંત્રી પાર્ટીથી અલગ થઈને જનતા મોરચા સાથે મળી ગયા હતા.ચીમનભાઈનો જન્મ બ્રિટિશ શાસન દરમિયાન તા. ત્રીજી જૂન ૧૯૨૯ના દિવસે સાધારણ ખેડૂત પરિવાર જીવાભાઈ તથા રેવાબહેનને ત્યાં સંખેડામાં થયો હતો. સોળેક વર્ષની ઉંમરથી જ વિદ્યાર્થીકાળમાં તેમણે રાજકારણમાં રસ લેવાનું શરૂ કરી દીધું હતું. સંખેડાના ગાંધીવાદી નેતા અને સ્વતંત્રતા સેનાની ડો. જેઠાલાલ પારેખે તેમનું ઘડતર કર્યું હતું. અહીં ચીમનભાઈએ નેતૃત્વ, સંગઠન અને વ્યવસ્થાપનના પાઠ ભણ્યા. સારી રીતે શાળાકીય શિક્ષણ પૂર્ણ કરીને ઉચ્ચશિક્ષણ માટે તેમણે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની વાટ પકડી.

આ અરસામાં તેમણે વણિક વૈષ્ણવ પરિવારનાં ઉર્મિલાબહેન પટેલ સાથે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં. વિનયન શાખામાં સ્નાતક અને અનુસ્નાતકની ડિગ્રી મેળવી અને વિદ્યાર્થીલક્ષી રાજકારણમાં કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કર્યું. આ અરસામાં પણ તેમણે વિદ્યાર્થી હડતાલને સફળ નેતૃત્વ પૂરું પાડ્યું હતું.

સારી શૈક્ષણિક પકડને કારણે જ્યાં ભણતા હતા, ત્યાં જ તેમને વ્યાખ્યાતા તરીકે ભણાવવાની નોકરી મળી ગઈ. તેઓ કોંગ્રેસમાં અલગ-અલગ ભૂમિકા ભજવતા રહ્યા. આ અરસામાં બોમ્બે પ્રેસિડન્સીમાંથી ગુજરાત બન્યું. શિક્ષણનો ફેલાવો થાય અને વિદ્યાર્થીઓને હાલાકી ન પડે તે માટે તેઓ અને શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી અને સ્થાપક બન્યા.

વર્ષ ૧૯૬૦માં તેમણે સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ અમદાવાદમાં આર્ટ્સ કોલેજની સ્થાપના કરી હતી. ૧૯૬૭માં કોંગ્રેસની ટિકિટ મળી ત્યારે તેઓ આ કોલેજમાં આચાર્ય હતા. ચીમનભાઈ તેમના વતન સંખેડામાંથી ધારાસભ્ય ચૂંટાઈ આવ્યા અને હિતેન્દ્ર દેસાઈ સરકારમાં ઉદ્યોગમંત્રી બન્યા. ઇંદિરા ગાંધીની કોંગ્રેસ અને સંસ્થા કોંગ્રેસ એમ બે ભાગ પડ્યા, ત્યારે દેસાઈએ તેમના રાજકીય ગુરુ મોરારજીભાઈ સાથે રહેવાનું નક્કી કર્યું.

# સ્માર્ટ સિટીમાં એક વૃદ્ધાશ્રમ પણ અનિવાર્ય વ્યવસ્થા બને છે

**વિકાસ અને વિકલ્પ** -ડૉ. નાનક

અંગ્રેજની ગુલામી દરમ્યાન પરંપરાગત કૃષિ વ્યવસ્થાના સ્થાને માનસિક દબાણથી ઘેરાએલ નોકરીયાત-વિભક્ત સમાજ તૈયાર થતા સમાજ કુપોષણ, વ્યસન, રોગચાળો, નિરક્ષારતા, સ્વાતંત્ર્યના અભાવ સાથે ગરીબાઈમાં ઢસડાઈ ગયો. પરિણામે ભારત આઝાદ થયું ત્યારે હિંદુસ્તાનીઓનું સરેરાશ આયુષ્ય ૩૮ વર્ષ થઈ ગએલુ. અંગ્રેજોની સમાજ વ્યવસ્થાને છીન્ન-ભિન્ન કરવાની રાજકીય ચાલનાં કારણે ૧૯૪૮મા, ૩૮ કરોડ દેશવાસીઓની વસ્તીમાં ૬૦ વર્ષથી મોટા નાગરિકોની સંખ્યા ૧.૨૦ કરોડ માત્ર હતી તેવું પ્રથમ પંચવર્ષીય યોજનાનાં મુસદ્દામાં વાચવા મળે છે.

પરંતુ સ્વતંત્ર ભારતનાં લોકશાહી તંત્રમાં ભારતીય સમાજનું ચિત્ર બદલાયુ છે. ૧૯૫૧મા ૧૦૦ની વસ્તીએ ૬ વૃધ્ધોની સંખ્યા હતી તે વર્ષ ૨૦૨૧માં ૧૪ ની થઈ છે. રોગ પ્રતિકારક રસી, લાઈફ સેવિંગ ડ્રગ્ઝની પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધી, વિકસિત આરોગ્ય વિજ્ઞાન, શિક્ષણ, પોષકઆહાર પ્રત્યે જાગૃતિ તથા બંધારણે આપેલ નાગરિક સ્વાતંત્ર્યના કારણે આજે વર્ષ ૨૦૨૦નાં સેન્સસ પ્રમાણે વસ્તીવૃદ્ધિ દર ૨.૬૬% એ સ્થિર થયો છે. તથા સરેરાશ ૭૨ વર્ષની આયુએ પહોંચેલા વૃદ્ધોની સંખ્યા ૩.૮૫% એ પહોંચી છે જે કંઈક અંશે સમૃદ્ધ લોકશાહીનું દર્શન આપે ?.

આઝાદીનાં ૭૫ વર્ષ દરમિયાન શિક્ષણ, રોજગારી, માળખાગત સુવિધાથી માંડી અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર અનુકૂળ સ્થિતિ સર્જાઈ છે; તો સિક્કાની બીજી બાજુએ શહેરીકરણના કારણે ટ્રાફિક સમસ્યા, નાના આવાસ, અસહ્ય મોંઘવારી, રોગની અત્યંત ખર્ચાળ સારવાર, વિભક્ત અને નાના કુટુંબ. પ્રકારે કેટલીક વિપરિત પરિસ્થિતિ ભારતીય સમાજે સ્વીકારવી પડી છે. આમ છતાં, આઝાદી પછી જન્મેલા અને અમૃતવર્ષનો આનંદ લેતા વયસ્કો પાસે તો શિક્ષણ છે, પોતાની નિવૃત્તિને મ્હાણવા જોગ પૈસા છે, સારૂ સ્વાસ્થ્ય છે, સ્વતંત્ર વિચારસરણી છે. આથી આજે ૬૦ વર્ષ વટાવી ચુકેલા સીનીયર સીટીજનોને આઝાદી પૂર્વે ઘરડા લોકોની વ્યથા સહન કરવી પડતી નથી જે આનંદદાયક બને છે.

આ સ્થિતિમાં ગુજરાતમાં સક્રીય તેવા ૨૨૮ વૃદ્ધાશ્રમોના વડિલો ઉપર થયેલા અભ્યાસથી કલિત થાય છે કે, વૃદ્ધાશ્રમમાં રહેવા માટે મજબુર વડિલો, શારીરિક રીતે રોગગ્રસ્ત હાલત ધરાવે છે મનથી ભાંગી ગયાનું જણાય છે. વૃદ્ધાશ્રમમાં રહેવા છતા સ્વતંત્ર રીતે નિર્ણય લઈ કુ:ગૃજીઈંજીઉૈં જીંન્છદ્ભદ્વૈં નાનકભાઈ ભટ્ટ નાનકભાઈ ના લેખાૃસ્માર્ટ સિટીમાં એક વૃદ્ધાશ્રમ પણ અનિવાર્ય વ્યવસ્થા બને છે..

શકતા નથી. સામાજિક અનુકૂલન સાધવામાં નિષ્ફળ માણસને જ વહુ-દિકરાઓ વૃદ્ધાશ્રમમાં મૂકી જાય છે, તેવા પરંપરાગત ખ્યાલના લીધે વૃદ્ધાશ્રમનાં આશ્રમવાસીઓ પોતાને અસામાજિક અન્યાયનો ભોગ બનેલ જાણી સ્વ પ્રત્યે સતત હિનભાવ અનુભવે છે. મજબુરીથી કે પછી લાગણીવશાત પોતાના સંતાનોને સઘળી સંપતિ સોંપી દીધી હોય અને કુટુંબે વડિલોની હિસ્સેદારીનો કાંકરો કાઢી નાખ્યો હોય છે ત્યાં વડિલને પોતાની મુર્ખામીનો કીડો સતત ખોતર્યા કરે છે. પીડા આપ્યા કરે છે. યુવાનીમાં કોઈ વ્યસન કે અયોગ્ય જીવનપદ્ધતિની ફળશ્રૃતિ તરીકે માંદગી સહેતા વડિલો પણ દુર્દશામાં ધકેલાય છે અને વૃદ્ધાશ્રમોમાં પણ પોતે બોજારૂપ છે તેવા ભાવથી પીડાય છે. વડિલ પોતાને અસુરક્ષિત અનુભવે છે.

જો કે પોતાની યુવાનીમાં કલા, સાહિત્ય, તબીબી સેવા કે માનવસેવાના કોઈ ગમતા ક્ષેત્રમાં જાતને જોડી રાખવાની સક્ષમતા ધરાવતા વડિલો પોતાને નિરર્થક, અવરોધરૂપ કે બોજારૂપ જાણતા નથી તે અવલોકન આશાસ્પદ બને છે.

સર્વેક્ષણ અનુસાર વૃદ્ધાશ્રમમાં વડિલોને આવવાના કારણો અને તેમની સામાજિક

સ્થિતિ વિશે જમીની હકીકત એ છે કે, (૧) જે વડિલો પોતાની આવકનો સ્વતંત્ર સ્ત્રોત ગુમાવે છે તેઓનું પછીથી કુટુંબમાં માન-સન્માન જળવાતું નથી. વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલો પૈકી ૭૦% વડિલો માટે આ હકીકત લાગુ પડે છે.

(૨) એક સમયે પોતે સ્વતંત્ર રીતે ધંધો કરી આવક મેળવતા વડિલો પોતાના સંતાનોને ધંધો સોંપી દે છે. તે પછી સંતાનો જે રીતે ધંધો આગળ ખેંચે છે તેથી વડિલોને સંતોષ હોતો નથી. કુટુંબમાં મતભેદ ઊભા થાય છે અને વડિલ પૈસા અને કુટુંબ બંનેથી દૂર થઈ જાય છે. વૃદ્ધાશ્રમમાં રહેતા વડિલો પૈકી ૫૬% વડિલોના વૃદ્ધાશ્રમના નિવાસનું આજ કારણ છે.

(૩) મા-બાપે પેટે પાટા બાંધી રાત્રે ઉજાગરા વેઠી દિકરાને ઉછેર્યો હોય ને મોટો થતા દિકરો વહુનો થઈ જાય છે. ત્યારે મા ને ભારે આઘાત પહોંચે છે. જોકે દિકરો તો વહુનો જ રહે છે પણ મા વૃદ્ધાશ્રમની અંતેવાસી થઈ જાય છે. વૃદ્ધાશ્રમમાં રહેતી ૮૦% બહેનો માટે આ સ્થિતિ કારણભૂત છે.

(૪) જે કુટુંબમાં મા અને બાપ બંને નોકરી કરતા હોય છે ત્યાં બાળઉછેરમાં કૌટુંબિક સમાયોજનનો એક ખાલીપો વિકસતો હોય છે અને મોટી ઉંમરે કોઈ કારણસર મા-બાપને વૃદ્ધાશ્રમમાં રહેવાની સ્થિતિ આવે તો નોકરીઆત મા-બાપનું બાળક અલગ રહેવાની વાત પ્રત્યે આઘાત નથી અનુભવતું. આ વાત વૃદ્ધાશ્રમમાં આવતા ૪૪% વડિલો માટે જમીની હકીક્ત બને છે.

(૫) વડિલોને ચેપી રોગ હોય, કોઈ ગંભીર બીમારી હોય, શરીરે ખોડ-ખાંપણ હોય અને સંતાનો તેની કાળજીના ખર્ચને પહોંચી શકે તેમ ન હોય તો આવા વડિલો કુટુંબનું બહાનુ કાઢીને વૃદ્ધાશ્રમમાં રહેવા આવી જાય છે. આવી સ્થિતિ ૩૮% વૃદ્ધોમાં જોવા મળે છે. ગામડાઓમાં સ્થપાતા વૃદ્ધાશ્રમોના અભ્યાસમાં જણાયું છે કે, ભાભા ખેતરે રખોપુ કરવામાં, પશુ સંભાળમાં કુટુંબને સહકાર ન આપે ને ચોરે બેસી તંબાકું, ગાંજો કે દારૂની લતે ચડયા હોય તો ગામ આખું ભેગું થઈ તેને આશ્રમે મૂકી આવે છે. આવા કારણો ૧૦% વડિલો માટે સાચા ઠરે છે.

(૬) એકથી બે બાળકો, નોકરી ધંધા વશાત બાળકોનું પરદેશમાં રહેવું, મુંબઈ-મદ્રાસ-કલકતા જેવા શહેરોમાં ગીચ અને નાના આવાસની સમસ્યા, તેમ અશિસ્તભર્યા ટ્રાફિકના લીધે વડિલોને અકસ્માતનાં ભયના કારણો વૃદ્ધો કૌટુંબિક સમન્વય છતાં, શહેરોનાં નાના ઘરના બદલે વૃદ્ધાશ્રમમાં રહેવાનું પસંદ કરે છે. દિવસમાં મોબાઈલ ઉપર ૨-૫ વખત સંતાનો સાથે દેશ-વિદેશમાં વાત કરી આનંદ લે છે.

# આજે વિશ્વ સ્વાસ્થ્ય દિવસ

## પહેલું સુખ તે જાતે નર્યા

## યોગ ભગાડે રોગ

## તંદુરસ્ત રહો, સલામત રહો

**કરંટ ટોપિક**

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO) દ્વારા ૭ એપ્રિલનાં દિવસને "વિશ્વ સ્વાસ્થ્ય દિવસ" તરીકે જાહેર કરવામાં આવ્યો છે. આ દિવસના માધ્યમ દ્વારા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનો ધ્યેય લોકોને ખાસ કરીને એચઆઈવી, ક્ષય રોગ, મેલેરિયા,કોરોના જેવી મહાબીમારીઓ માટે જાગૃત કરવાનો છે. વર્તમાન સમયમાં સ્વાસ્થ્ય જાળવવું એ અતિ મહત્વનું કાર્ય થઈ ગયું છે. ભારત દેશ સ્વાસ્થ્ય ક્ષેત્રે જેટલી ઝડપથી આધુનિકતા તરફ વધ્યો હતો તેનાથી બમણી ઝડપે શરીર સ્વાસ્થ્ય જાળવવા માટે આપણે પ્રાચીન ભારતમાં સ્વાસ્થ્ય જાળવણી માટે ઈસ્તેમાલ થતા વિવિધ આયુર્વેદિક ઉપચારો અપનાવવા માંડ્યા છીએ. લોકો હવે માનસિક સ્વાસ્થ્ય તરફ પણ જાગૃત થયા છે. શરીર અને મન એકબીજા સાથે સંકળાયેલા છે. જો શરીર સ્વસ્થ હશે તો મન સ્વસ્થ રહેશે. માનસિક સ્વાસ્થ્ય જાળવવા માટે પ્રાકૃતિક જીવન શૈલીનો ઉપયોગ થઈ રહ્યો છે ત્યારે પ્રાચીન કાળથી ચાલી આવતી યોગ,પ્રાણાયામ કરવાની આપણી સંસ્કૃતિને જાળવતા રહીને આજે સમગ્ર દેશ કઈ રીતે સ્વસ્થ રહેવા માટે નવા નવા ઉપાયો પાછળ દોરાય રહ્યો છે ત્યારે એક વાત નોંધવા જેવી છે કે લોકો પાસે આ દિશામાં યોગ્ય માર્ગદર્શન કરી શકે એવા કોઈ શ્રેષ્ઠ માર્ગદર્શક ઉપલબ્ધ નથી અથવા છે તો લોકો તેમની પાસે જતા નથી. મિત્રો, આડોશ-પાડોશ કે સગા સંબંધીઓ પાસેથી જે સલાહો મળે તે સમજ્યા વગર બેફામ ફોલો કરવામાં આવે છે જેનાથી એક યા બીજી તકલીફો સર્જાય છે માટે સ્વાસ્થ્યની બાબતમાં કોઈ પણ નિર્ણય પર વિશેષ માર્ગદશન મેળવ્યા બાદ જ આગળ વધવું જોઈએ. આયુર્વેદ,યોગ,નેચરોપેથી,યુનાની,સિદ્ધા,હોમિયોપેથી, પંચગવ્ય થેરાપી જેવી વિવિધ ચિકિત્સા પદ્ધતિઓને જાળવવા તેમજ એ દ્વારા સ્વાસ્થ્ય પ્રત્યે લોક જાગૃતિ લાવવાનાં હેતુથી સરકાર પણ આયુષ મંત્રાલય દ્વારા સ્વાસ્થ્ય જાળવણીની જુદી જુદી પદ્ધતિઓને લોકો સુધી પહોચાડવા અગ્રેસર છે. સ્વાસ્થ્ય જાળવવા માટે કેટલીક મહત્વની બાબતોનું ધ્યાન રાખવું આવશ્યક છે. જેમાં પૌષ્ટિક આહાર, નિયમિત કસરત, પુરતી ઊંઘ, નિયમિત તબીબી તપાસ, માનસિક સ્વાસ્થ્યનું રક્ષણ, સમાજિક જોડાણ વગેરે જરૂરી છે. ફળો, શાકભાજી, કઠોળ જેવો શાકાહાર અપનાવવો જોઈએ. દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનીટ કસરત કરવી જોઈએ. દરરોજ ૭-૮ કલાકની પૂરતી ઊંઘ લેવી જોઈએ. ધૂમ્રપાન, તમાકુ વગેરેનો ઉપયોગ ટાળવો જોઈએ અને નિયમિત તબીબી તપાસ કરાવવી જોઈએ. નકારાત્મક વિચારો અને લાગણીઓનો સામનો કરતા શીખવું જોઈએ તેમજ જરૂર પડે ત્યારે સાયકોલોજીસ્ટની મદદ લેવામાં અચકાવું ન જોઈએ. માનસિક સ્વાસ્થ્યની જાળવણી માટે સમાજિક જોડાણ અતિ મહત્વનું છે. મિત્રો, પરિવાર અને સમુદાય સાથે સમય વીતાવવાથી અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તણાવમાંથી બહાર આવી શકાય છે.

# શું એલિયન્સ હકીકતમાં છે ? તેઓ બ્રહ્માંડમાં છુપાયેલા છે?

## શું તેઓએ ક્યારેય પૃથ્વીનો સંપર્ક કર્યો છે ?

શું એલિયન્સ વાસ્તવિક છે, શું તેઓએ ક્યારેય પૃથ્વીનો સંપર્ક કર્યો છે? આ અંગે કોઈ ચોક્કસ કારણ કે પુરાવા નથી. જો કે ચર્ચા છે, પરંતુ તેના વિશે વિશ્વસનીય કંઈ નથી. ભૌતિકશાસ્ત્રી એનરિકો ફર્મીને આ વિચિત્ર લાગ્યું. તેમણે ૧૯૫૦ ના દાયકામાં એક સૂત્ર રજૂ કર્યું જે હવે "ધ ફર્મી પેરાડોક્સ" તરીકે ઓળખાય છે. બહારની દુનિયાના જીવનની શોધ (SETI) અને અવકાશ (METI) દ્વારા સંકેતો મોકલવા માટે તે હજુ પણ મહત્વપૂર્ણ છે.

પૃથ્વી અંદાજે ૪.૫ અબજ વર્ષ જૂની છે અને જીવન ઓછામાં ઓછું ૩.૫ અબજ વર્ષ જૂનું છે. બ્રહ્માંડને જોતાં, જીવન માટે અનુકૂળ પરિસ્થિતિઓ ઘણી વખત થવાની સંભાવના છે. તો એલિયન્સ ક્યાં છે? Netflixના '૩ બોડી પ્રોબ્લેમ'ના પ્રથમ એપિસોડમાં એક પાત્ર યે વેન્જી નામનું પાત્ર રેડિયો ઓબ્ઝર્વેટરીમાં કામ કરતી વખતે એલિયનનો સંદેશ મેળવે છે. સંદેશ મોકલનાર, પોતાને શાંતિવાદી કહે છે, લોકોને પ્રતિસાદ ન આપવા વિનંતી કરે છે અને જો તેઓ આમ નહીં કરે તો પૃથ્વી પર હુમલો થવાની ચેતવણી પણ આપે છે. આગળની વાર્તા જાણવા માટે અમારે શ્રેણીની બીજી સીઝન સુધી રાહ જોવી પડશે. અથવા સિક્સિન લિયુ દ્વારા શ્રેણીનું બીજું પુસ્તક 'ધ ડાર્ક ફોરેસ્ટ' વાંચો. 'ધ ડાર્ક ફોરેસ્ટ' પુસ્તકમાં કહેવાયું છે કે બ્રહ્માંડમાં એલિયન જીવોની કોઈ કમી નથી અને તેઓ પોતાનું અસ્તિત્વ બચાવવા માટે પોતાની જાતને છુપાવવામાં સક્રિય છે. તે જણાવે છે કે તકનીકી પ્રગતિના વિવિધ દરો શક્તિના સતત સંતુલનને અશક્ય બનાવે છે, જે સંસ્કૃતિઓ સૌથી વધુ ઝડપથી પ્રગતિ કરે છે તે અન્ય કોઈપણને ભૂંસી નાખવાની સ્થિતિમાં છોડી દે છે. આ ખતરનાક વાતાવરણમાં, જેઓ સર્વાઈવલની રમત શ્રેષ્ઠ રીતે રમે છે તેઓ સૌથી વધુ સમય સુધી ટકી રહે છે. અમે પહોંચ્યા તે પહેલાં આ રમત ચાલી રહી હતી, અને દરેક વ્યક્તિએ જે વ્યૂહરચના શીખી છે તે છુપાવવાની છે.

# સાઉદી અરેબિયાના ટાપુ પર વિશ્વનું એક અનોખું સ્માર્ટ સિટી બનશે




**રાતા સમુદ્રમાં આવેલા ૪૧ જેટલા ટાપુઓ પર ૨૬,૫૦૦ ચો. કિલોમીટરના વિસ્તારમાં નિયોમ નામનું એક શહેર સાઉદી અરેબિયા દ્વારા બનાવવામાં આવી રહ્યું છે વિશ્વનું આ અનોખું નગર હશે તેનું નામ છે નિઓમ શહેર આ શહેરમાં ૯૦ લાખ લોકોનો નિવાસ થશે આખું શહેર ગ્રીન સિટી બનશે**

**આસપાસ ચોપાસ** સુરેશ ભટ્ટ

ધોલેરા નજીક સ્માર્ટ સિટીની યોજના ઝડપભેર આગળ વધી રહી છે આ અનોખા નગર વિશે આપણા દેશની અંદર ભારે ઉત્સાહનું વાતાવરણ છે અહીં ઔદ્યોગિક વિકાસ માટે નવા નવા પ્રોજેક્ટ આવી રહ્યા છે ત્યારે સાઉદી અરેબિયામાં પણ ૯૦ લાખ લોકો રહી શકે તેવું એક સ્માર્ટ સિટી નો વિકાસ કરવામાં આવી રહ્યો છે

નવાઈની વાત એ છે કે સાઉદી અરેબિયાનું આ નવું શહેર ૪૧ જેટલા ટાપુઓ પર વસેલું હશે અને તમામ ટાપુઓ એકબીજા સાથે ઇન્ટર કનેક્ટેડ હશે અને જાવન માટે રોપેક્સ જેવી સમુદ્રી સેવા પણ શરૂ થશે આ સ્માર્ટ સિટી નો વિચાર ૧૯૧૭ માં સાઉદી અરેબિયાના રાજવી પરિવાર દ્વારા કરવામાં આવેલો તેની કલ્પના હવે સાકાર થશે ૧૯૩૦ સુધીમાં આ શહેર તૈયાર થઈ જશે

સાઉદી અરેબિયાના રિયાધ શહેર નજીક દક્ષિણ-વાયવ્ય તરફ રાતા સમુદ્રના ૪૧ ટાપુઓના સમૂહ પાસે ૨૬,૫૦૦ ચો.કિમી.ના વિસ્તારમાં બનાવવામાં આવનાર નિઓમ શહેર વિશે જાણવા જેવી મહત્વની વાત નીચે મુજબ છે

કાચની બે સમાંતર ૨૦૦ મીટરના અંતરે આવેલા ૫૦૦ મીટર ઊંચી તથા ૧૭૦ કિમી લાંબી દીવાલો વચ્ચેના આ સૂચિત શહેરને નગર-આયોજનના કેટલાક મહત્ત્વના પ્રશ્નોના જવાબ તરીકે લેખવામાં આવે છે; તો સાથે સાથે તેનાથી નવા જ પ્રશ્નો ઉદ્ભવવાની સંભાવના પણ તેટલી જ છે. આ શહેરનું નામ નિઓમ પોતે જ અમુક બાબતો સ્પષ્ટ કરે છે. દ્વઈ અને સ્થી બનેલા આ શબ્દમાં દ્વઈ એ નવીનતાનો સૂચક છે જ્યારે ર એ અરબી ભાષામાં ભવિષ્ય શબ્દનો પ્રથમ અક્ષર છે. આમ તો ઈ. સ. ૨૦૩૦માં જેની રચના પૂર્ણ થવાની હતી તેવા આ શહેર પાસે જાણે માનવસમુદાયને ઘણી આશાઓ છે. ત્યાંના રાજવી પરિવારના સભ્ય દ્વારા ઈ. સ. ૨૦૧૭માં જ્યારે આ શહેરની પરિકલ્પના વહેતી મુકાઈ ત્યારથી અત્યાર સુધીમાં સમાજમાં ક્યાંક રોમાંચ તો ક્યાંક શંકાભરી નજર જોવા મળે છે.

એક અંદાજ પ્રમાણે આજના સમયે જ્યારે ૫૬ પ્રતિશત જેટલા માણસો શહેરમાં વસવાટ કરે છે ત્યારે શહેરના આયોજન વિશે વધુ ગંભીરતા ઊભી થાય તે જરૂરી છે. આ સાથે આ માટે નવાં નવાં નગરઆયોજનના વિચારોને પણ ક્યાંક પ્રાયોગિક ધોરણે અમલમાં મૂકવા જરૂરી છે. પ્રશ્નો ઘણા છે અને તે જટિલ પણ છે. નગરઆયોજનને અસર કરતાં પરિબળો પરસ્પર એ રીતે સંકળાયેલાં છે કે તેમનો એકાકી ઉત્તર શક્ય નથી. આવા પ્રયત્નો વધારે સારી આવતીકાલ માટે હોય છે.

સાઉદી અરેબિયાના નગર આયોજન ખૂબ જ આધુનિક હોય છે આ શહેરનું નગર આયોજન પણ માની ન શકાય તેવું અદભુત હશે આશરે ૯૦ લાખ લોકોનો સમાવેશ કરી શકે તેવું આ શહેર ૩૪ ચો. કિમી.નો જમીનનો વિસ્તાર રોકશે. તે કાચની બે સમાંતર દીવાલો વચ્ચે બનાવશે, જેની બહારની સપાટી આજુબાજુની કુદરતની પરિસ્થિતિને પ્રતિબિંબિત કરશે. તેની લંબાઈ આમ તો ૧૭૦ કિમી. આ શહેરમાં હાઈસ્પીડ રેલવે ચાલશે જેનાથી એક છેડાથી બીજા છેડા વચ્ચેનું અંતર માત્ર ૨૦ મિનિટમાં કાપી શકાશે. આ એક સ્માર્ટ શહેર હશે જેમાં અન્ય શહેરોની જેમ જ મનોરંજનનાં, રમતગમત માટેનાં, શિક્ષણ તથા વહીવટ માટેનાં સ્થાનો હશે. આ સાથે આ શહેર રાતા સમુદ્ર પાસે બનાવવાનું હોવાથી તેમાં બંદર તથા તેને સંલગ્ન વ્યવસાય માટે સગવડ પણ પ્રયોજાશે. વળી બાગ-બગીચા-પ્રવાસનસ્થાનો જેવી બાબતો તો ખરી જ. ટૂંકમાં જે અન્ય શહેરોમાં હોય છે તે અહીં પણ હશે. નજીકમાં એક અત્યાધુનિક હવાઈ મથક પણ સૂચિત છે.

આ શહેર શતપ્રતિશત સૂર્ય, હાઇડ્રોજન તથા પવનઊર્જાથી સંચાલિત હશે. અહીં બધું જ નિયંત્રણ ડિજિટલ તકનીકથી થશે. અહીં બાંધકામની શૈલી પણ અત્યાધુનિક હશે જે ૩,૮૦,૦૦૦ જેટલી રોજગારીની તકો ઊભી કરશે તેવો અંદાજ છે. એમ મનાય છે કે તેમાં ૫૦૦ બિલિયન ડોલરનું રોકાણ કરાશે. આ નગરની રચના ૨૦૦ મીટર ૧ સમાંતર કાચની દીવાલો વચ્ચે કરવાની હોવાથી તેની રેખાકીયતા મહત્ત્વની બની રહેશે; જે અમુક પ્રશ્નો પણ ઊભા કરશે.

પ્રશ્નો ઘણા છે. સૌપ્રથમ તો ૧૭૦ કિમી.ની લંબાઈ જ પ્રશ્ન છે. આ અંતર અમદાવાદથી ભરૂચના અંતરથી થોડું ઓછું થાય. આટલું લાંબું શહેર અને તે પણ માત્ર ૨૦૦ મીટર પહોળું. આમ તેની લંબાઈ અને પહોળાઈનો ગુણોત્તર ૮૫૦:૧નો થાય. શું આ બાબત વિચિત્ર નથી જણાતી! અને તેમાં પણ જો એમ દાવો થતો હોય કે એક છેડેથી બીજા છેડે માત્ર ૨૦ મિનિટમાં પહોંચી શકાશે તો શું ટ્રેનની ઝડપ કલાકે ૫૦૦ કિમી.થી વધુ હશે - તેમાં પણ વચ્ચે સ્ટેશનો આવશે? કાચની મજબૂત દીવાલો વચ્ચે ૫૦૦-૬૦૦ કિમી.ની ઝડપે ટ્રેન દોડે ત્યારે તેના કંપનની અસર કેવી રહેશે?

આ શહેર માટે ઊડતી કારનો પણ કન્સેપ્ટ છે. જો બે દીવાલ વચ્ચેની સૂચિત રચના આયોજન પ્રમાણે આ શહેર સૂચિત સમયરેખામાં તૈયાર થઈ જાય તો શું તેટલા સમયમાં ઊડતી કારનું ઉત્પાદન શરૂ થઈ ગયું હશે ! અને માત્ર ૨૦૦ મીટર પહોળાઈવાળા આ શહેરમાં આવી ઊડતી કારનો વિચાર કેટલો વ્યવહારુ ગણાય ! અહીં તો આ નગર માટે કૃત્રિમ ચંદ્ર બનાવવાનું આયોજન પણ છે. રણપ્રદેશ જ્યાં સાચા ચંદ્રને તેને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં માણી શકાય ત્યાં કૃત્રિમ ચંદ્રની કલ્પના પર્યાવરણની દૃષ્ટિએ અસ્વીકાર્ય નથી જણાતી! અને આ શહેર તો પર્યાવરણના જતનની તો ખૂબ ખૂબ વાતો કરે છે. શહેરની બહારની કાચની દીવાલોમાં જે આજુબાજુની કુદરતી પરિસ્થિતિનું પ્રતિબિંબ ઝીલી પર્યાવરણ-કુદરતને માણવાની વાત છે તે પણ ક્યાંક દંભી લાગે છે. ત્યાંના ડુંગરાળ વિસ્તારમાં ડુંગર સામે દર્પણ મૂકી તે દર્પણમાં ડુંગરને માણવાની શી મજા! અને તે પણ એ જાણી લીધા પછી કે આ પ્રતિબિંબ માત્ર છે. હકીકતમાં તો આ કાચની સખત દીવાલ બહાર અને અંદરનાં સ્થાનોને સાવ જ અલગ પાડી દે; બધી જ રીતે. અહીં માનવીય સંબંધોમાં પણ પ્રશ્નો થાય. ૧:૮૫૦ના ગુણોત્તરવાળા શહેરમાં અમુક લોકો વધારે પડતા નજીક આવી જાય તો અમુક અનિચ્છનીય માત્રામાં દૂર જતા રહે. આ બાબત વ્યવહારમાં તો પ્રશ્નો ઊભા કરે જ પણ તેનાથી મનોવૈજ્ઞાનિક પ્રશ્નો પણ ઊભા થાય. શહેરઆયોજન એ માત્ર ઉપયોગિતા માટેનું પ્રકરણ નથી. તેમાં માનવીય સંવેદનાઓનો પણ હકારાત્મક પ્રતિભાવ સામેલ કરવો પડે. આવા સાંકડા તથા લાંબા શહેરમાં નવા જ પ્રકારના સામાજિક પ્રશ્નો ઊભા થાય જેમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનાં માનવીય સંબંધો વિશે પણ વિચારવા માં આવી રહ્યું છે જે શહેર બનશે તે ઇકો ફ્રેન્ડલી બનશે તેમ કહેવાય છે પરંતુ ઊર્જાના પ્રશ્નો અને અન્ય પર્યાવરણના પ્રશ્નો યથાવત રહેવા પામે તો આ સ્માર્ટ સિટી ભવિષ્યની અંદર રહેવા લાયક ન બને અને લોકો સ્વેચ્છાએ તેનો ત્યાગ કરીને અન્યત્ર વિલેજ એરિયામાં જતા રહે એવું પણ બની શકે કારણ કે ટેકનોલોજી નો હતી વિકાસ માનવી માટે કંટાળાજનક પણ બની શકે છે.

# શેખ તારિક બિન લાદેને ફરી એકવાર તેમનો ડ્રીમ પ્રોજેક્ટ ‘બ્રિજ ઓફ ધ હોર્ન્સ’ દુનિયા સમક્ષ રજૂ કર્યો



વોશિંગ્ટન,

ઓસામા બિન લાદેનના ભાઈ શેખ તારિક બિન લાદેને ફરી એકવાર પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ ’બ્રિજ ઓફ ધ હોર્ન્સ’ દુનિયા સમક્ષ રજૂ કર્યો છે. આ એક બ્રિજ પ્રોજેક્ટ છે જે દક્ષિણ આફ્રિકાને મધ્ય પૂર્વ સાથે જોડશે. આ વિશ્વનો સૌથી મોટો સસ્પેન્શન બ્રિજ હશે, જેમાં છ લેનનો હાઈવે તેમજ રેલ ટ્રેક હશે. હાલમાં, લાલ સમુદ્રમાં હુથી લડવૈયાઓના હુમલાઓને કારણે સસ્પેન્શન બ્રિજ જેવા ડ્રીમ પ્રોજેક્ટ્સ અટકી ગયા છે. માલવાહક જહાજોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. આવી સ્થિતિમાં, જ્યારે લાલ સમુદ્રમાં ગનપાઉડરની અરાજકતા બંધ થશે ત્યારે જ લાદેનના ભાઈનો ડ્રીમ પ્રોજેક્ટ શરૂ થશે. આ બ્રિજ પરથી દરરોજ લગભગ એક લાખ વાહનો પસાર થઈ શકશે. તે જ સમયે, ૫૦ હજાર મુસાફરો, ગેસ અને પાણીની પાઈપલાઈન્સ ટ્રેન ટ્રેક દ્વારા એક બાજુથી બીજી તરફ જઈ શકશે. તેને બનાવવા માટે અંદાજિત ૧૦ લાખ ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે. આ પુલ નીચેથી મોટી સંખ્યામાં જહાજો પસાર થશે કારણ કે તે લાલ સમુદ્રને સુએઝ કેનાલ સાથે જોડતા દરિયાઈ માર્ગ પર બાંધવામાં આવનાર છે. તેનો એક છેડો યમનમાં અને બીજો છેડો જીબુટીમાં હશે. શેખ તારિક બિન લાદેનનો આ પ્રોજેક્ટ નવો નથી. તેણે ૨૦૦૮માં તેને બનાવવાની યોજના પણ બનાવી હતી પરંતુ તેનું કામ ફરી શરૂ થઈ શક્યું ન હતું. લગભગ ૧૭ વર્ષ બાદ આ પ્રોજેક્ટ ફરી એકવાર ચર્ચામાં છે. આ પુલ લાલ સમુદ્રના બાબ-અલ-મંડેબ સ્ટ્રેટ પર બનાવવામાં આવશે, જેની ઊંડાઈ લગભગ ૩૦૦ મીટર છે. બ્રિજના પિલરની ઊંચાઈ ૭૦૦ મીટર રાખવામાં આવી છે, જેમાંથી ૪૦૦ મીટર પાણીની ઉપર અને ૩૦૦ મીટર પાણીની નીચે હશે. આ પુલ અલ-નૂર નામના પ્રોજેક્ટ હેઠળ બનાવવામાં આવશે જેનો અર્થ થાય છે.

# ૩ બાળકોની માતા ઈલેક્ટ્રિક થાંભલા પર ચઢી ગઈ

## કહ્યું, મારે પતિ અને પ્રેમી બંને સાથે રહેવું છે, નહીંતર હું આપઘાત કરી લઈશ

ગોરખપુર,

ઘણીવાર સમાજમાં એવા કિસ્સાઓ બનતા હોય છેકે, તેના વિશે જાણીને પણ આપણે ચોંકી જઈએ. પતિ-પત્નીની વચ્ચે કોઈ વો આવી ગઈ હોય એવા કિસ્સાઓ તો તમે ઘણાં સાંભળ્યા હશે, જોયા પણ હશે. પણ અહીં તો પતિ અને પત્નીની વચ્ચે છે પ્રેમી. એ આવ્યો નથી પણ પત્ની તેને સામેથી જોડે રાખવા માંગે છે. એના માટે તો એ જીદ્દે ચઢી છે. જીદ્દે પણ કેવી કે ત્રણ-ત્રણ બાળકોની માતા છેક લાઈટના થાંભલે ચઢી ગઈ. આ કિસ્સો છે ઉત્તરપ્રદેશના ગોરખપુર જિલ્લાનો. જ્યાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જ્યાં એક મહિલા તેના અવૈધ સંબંધનો ખુલાસો થતાં ઈલેક્ટ્રિક પોલ પર ચઢી ગઈ હતી. મહિલાને ત્રણ બાળકો છે અને તેનું છેલ્લા સાત વર્ષથી અફેર હતું. તેના પતિને આ વાતની જાણ થતાં જ તેણે વિરોધ કરવાનું શરૂ કર્યું. આ પછી મહિલાએ આત્મહત્યા કરવાની ધમકી આપવાનું શરૂ કર્યું. ૩ બાળકોની માતા ઈલેક્ટ્રિક થાંભલા પર ચઢી ગઈ, પછી કહ્યું- મારે પતિ અને પ્રેમી બંને સાથે રહેવું છે, નહીંતર...હું આપઘાત કરી લઈશ. લો, બોલો, જ્યારે આવું થાય ત્યારે શું કરવું....પતિએ પડોશી ગામના એક યુવક સાથેના તેના ગેરકાયદેસર સંબંધોને નામંજૂર કર્યા પછી મહિલાએ ઘણી વખત આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

# ચાર-ચાર કેચ છોડો, પછી મેચ ક્યાંથી જીતાય : ગુજરાત ટાઈટન્સનો કેપ્ટનગિલ



મોહાલી,

પંજાબ કિંગ્સ સામેની હાર બાદ ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન શુભમન ગિલ તેના ખેલાડીઓની ફિલ્ડિંગથી નિરાશ જોવા મળ્યો હતો. છેલ્લી ૧૦ ઓવરમાં પંજાબની ટીમે ૧-૨ નહીં પરંતુ ૪ કેચ છોડ્યા હતા. એક સમયે એવું લાગતું હતું કે ગુજરાત ટાઈટન્સ આ મેચ આસાનીથી જીતી જશે, પરંતુ પછી બે ભારતીય અનકેપ્ડ ખેલાડીઓ શશાંક સિંઘ અને આશુતોષ શર્માએ જીટીના મોંમાંથી વિજય છીનવી લીધો. ગુજરાત ટાઈટન્સની નબળી ફિલ્ડિંગ તેમની હારનું કારણ બની હતી. મેચ બાદ કેપ્ટન શુભમન ગીલ તેના ફિલ્ડરો પર પ્રહાર કરતા જોવા મળ્યા હતા અને કહ્યું હતું કે જ્યારે તમે કેચ છોડો છો ત્યારે જીતવું ક્યારેય આસાન નથી હોતું.

શુબમન ગિલે મેચ બાદ કહ્યું, “મને લાગે છે કે અમે ઘણા કેચ છોડ્યા છે, જ્યારે તમે કેચ છોડો છો ત્યારે જીતવું ક્યારેય આસાન નથી. બોલરોએ સારું પ્રદર્શન કર્યું છે, જ્યારે બોલ બેટ પર આવી રહ્યો હોય ત્યારે તેનો બચાવ કરવો મુશ્કેલ છે.” એમ ન કહીએ કે અમારી પાસે રન ઓછા હતા.

# આઈપીએલ ૨૦૨૪નું ટાઈટલ બે વખતની વિજેતા કેકેઆરની ટીમ જીતશે ?



મુંબઈ,

શ્રેયસ ઐયરની કેપ્ટન્સી અને મેન્ટર ગૌતમ ગંભીરના નેતૃત્વમાં કોલકાતા નાઈટ રાઈડર્સની ટીમે આઈપીએલ ૨૦૨૪માં ધૂમ મચાવી દીધી છે. કોલકાતાએ બુધવારે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં રેકોર્ડ જીત નોંધાવી હતી. આ સાથે કેકેઆરએ જીતની હેટ્રિક નોંધાવી અને પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગઈ. આઈપીએલની આ સિઝનમાં કોલકાતાની ટીમના પ્રદર્શન માટે ગૌતમ ગંભીરના ખૂબ વખાણ થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પર લોકો ગૌતમ ગંભીરના આ શાનદાર પ્રદર્શનનો શ્રેય આપી રહ્યા છે. દરમિયાન શ્રેયસ અય્યર અને ગૌતમ ગંભીર વચ્ચે એક ખાસ કનેક્શન સામે આવ્યું છે. આ જોઈને લાગે છે કે કેકેઆર ત્રીજી વખત ટ્રોફી જીતી શકે છે. તો ચાલો જાણીએ શું છે આ ખાસ કનેક્શન?

કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમ અત્યાર સુધીમાં બે વખત (૨૦૧૨, ૨૦૧૪) આઈપીએલ ટાઈટલ જીતી ચૂકી છે. ગૌતમ ગંભીરની કેપ્ટન્સીમાં આ ટીમે બંને વખત આ સિદ્ધિ મેળવી છે. ૨૦૧૨માં કેકેઆરની કમાન સંભાળતા પહેલા ગંભીર દિલ્હી કેપિટલ્સ સાથે હતો. ૨૦૧૦માં દિલ્હીની ટીમ પ્લે-ઓફ માટે ક્વોલિફાય કરી શકી ન હતી. આ પછી, ગંભીરને ટીમમાંથી છુટો કરવામાં આવ્યો અને ૨૦૧૧ની મેગા ઓક્શનમાં તે કોલકાતાની સાથે સિઝનના સૌથી મોંઘા ખેલાડી તરીકે ઉભરી આવ્યો.

# ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુકાળનો ખતરો મંડાઈ રહયો છે



સિડની,

દુનિયાના સૌથી નાના ખંડ અને વિશાળ દેશ ઓસ્ટ્રેલિયાની ધરતી પર ભયંકર દુકાળનો ખતરો મંડાઈ રહયો છે એવી ચેતવણી વૈજ્ઞાનિકોએ આપી છે. નવાઈની વાત તો એ છે કે થોડાક વર્ષો પછી શરુ થનારો સંભવત દુષ્કાળ એક કે બે નહી ૨૦ વર્ષ સુધી ચાલી શકે છે. રિસર્ચ ટીમે ભૂતકાળમાં પડેલા દુષ્કાળના સમગ્ર સ્પેકટ્રમનો અભ્યાસ કર્યો હતો. કલાયમેટ મોડેલની મદદથી વૈજ્ઞાનિકોએ છેલ્લા ૧૨૫૦ વર્ષના દુષ્કાળને સ્ટિમુલેટ કર્યા હતા.

ઓસ્ટ્રેલિયાની અનેક યુનિવર્સિટીઓએ સંયુકત રીતે મળીને સ્ટડી મોડલ તૈયાર કર્યુ છે. વૈજ્ઞાનિકોને આશંકા છે કે ઓસ્ટ્રેલિયામાં ઝડપથી એક મેગાડ્રોટ આકાર લઈ શકે છે. મેગા ડ્રોટ વર્ષો સુધી ચાલશે તો તેનો પ્રભાવ ઈકો સિસ્ટમ અને માનવીઓ પર પડશે. સાયન્ટિસ્ટોના ધ્યાનમાં આવ્યું છે કે પહેલા પણ આ પ્રકારના દુષ્કાળો નોંધાઈ ચુકયા છે. ઔધોગિક ક્રાંતિ પહેલા અને ૨૦ મી સદીમાં રણ મેગાડ્રોટ જોવા મળ્યા હતા.

એકાંદ કે બે વર્ષના દુષ્કાળથી પર્યાવરણ અને ઈકો સિસ્ટમને ખાસ નુકસાન થતું નથી પરંતુ લાંબા ગાળાના દુષ્કાળ ખૂબજ ભયંકર અસર ઉભી કરે છે. કયારેક તો મેગાડ્રોટની અસર દાયકાઓ સુધી રહેતી હોય છે. સંશોધકોએ નોંધ્યું હતું કે અમેરિકાના દક્ષિણ પશ્ચીમ વિસ્તારમાં ૨૧ મી સદીની શરુઆતમાં ભયંકર દુષ્કાળ પડયો હતો, આ દુષ્કાળને ૨૪ વર્ષ થયા પછી પણ તેની અસર ચાલુ રહી છે.

આ સ્ટડી સાથે સંકળાયેલા પ્રોફેસર નેરિલ અબરામે કહયું હતું કે જળવાયુ પરિવર્તનના લીધે દક્ષિણ પશ્ચિમી અને પૂર્વી ઓસ્ટ્રેલિયામાં લાંબા સમયથી દુષ્કાળ પડી રહયો છે. મર્રે ડાર્લિંગ બેસિન ઓસ્ટ્રેલિયાનો સૌથી મોટો કૃષિ વિસ્તાર છે. આ એવા વિસ્તારો છે જયાં ધીમે ધીમે વરસાદનું પ્રમાણ ઘટશે ત્યારે દુષ્કાળનો ખતરો વધી જવાનો છે.

# અભિનેતા અજિત કુમારનો એક અકસ્માતનો વીડિયો સામે આવ્યો



મુંબઈ,

સાઉથ અભિનેતા અજિત કુમારનો એક અકસ્માતનો વીડિયો સામે આવ્યો છે.જેમાં જોવા મળી રહ્યું છે કે, અજિત કુમાર ફિલ્મના શૂટિંગ માટે સ્ટંટ કરી રહ્યો છે. તે દરમિયાન તેમની કારે પલટી મારી હતી. તમને જણાવી દઈએ કે, આ વીડિયો જુનો છે. ફિલ્મનું શૂટિંગ ગત્ત વર્ષ કરવામાં આવ્યું હતુ. તે દરમિયાન તે ગંભીર રીતે ઘાયલ પણ થયો હતા. વીડિયોમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે, કઈ રીતે અભિનેતાએ સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવે છે અને તેની કાર રસ્તા પર પલટી મારી જાય છે. આ વીડિયો ગુરુવારના રોજ અભિનેતાએ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. ત્યારથી આ વીડિયો ખુબ વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે, અભિનેતા ડ્રાઈવ કરી રહ્યો છે અને સાથે એક વ્યક્તિ પણ છે. ગાડીની અંદર લાગેલા કેમેરામાં આ તમામ વસ્તુઓ કેદ થઈ છે. ત્યારે અભિનેતાએ સ્ટેરિંગ પર કાબૂ ગુમાવતા કારે પલટી મારી હતી. આ અકસ્માત ફિલ્મના શૂંટિગ દરમિયાન થયો છે. અન્ય વીડિયોમાં ગાડીને રેગિસ્તાનના વિસ્તારમાં દેખાડવામાં આવી છે. ગાડી ચાલી રહી છે અને અચાનક કાબુ ગુમાવે છે.

# સિંગાપોરમાં છેતરપિંડીના કેસમાં ગયા વર્ષે ૧૮ ટકાનો થયો વધારો



સિંગાપોર

તમે ભારતમાં છેતરપિંડીના કેસ વિશે વારંવાર સાંભળ્યું અથવા વાંચ્યું હશે. પરંતુ, શું તમે જાણો છો કે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વના તમામ દેશોમાં છેતરપિંડીના કિસ્સાઓ પ્રકાશમાં આવતા રહે છે. સિંગાપોર પણ તેમાંથી એક છે. સિંગાપોરમાં, છેતરપિંડી કરનારાઓ લોકોને ફસાવવા અને પછી તેમની મહેનતની કમાણી ચોરી કરવા માટે નવી પદ્ધતિઓ અપનાવે છે. તમે કલ્પના કરી શકો છો કે સિંગાપોરમાં છેતરપિંડી કેટલી મોટી સમસ્યા છે તે હકીકત પરથી ગૃહમંત્રીએ સંસદમાં તેના વિશે માહિતી આપવી પડી. માહિતી આપતાં ગૃહમંત્રી કે શનમુગમે કહ્યું કે ગયા વર્ષે સિંગાપોરમાં ૫૦૦ સ્થળાંતરિત ઘરેલું કામદારો છેતરપિંડીનો શિકાર બન્યા છે. સિંગાપોરમાં મોટાભાગના ઘરેલુ કામદારો ભારત, શ્રીલંકા અને દક્ષિણ પૂર્વ એશિયાના દેશોમાંથી આવે છે. બુધવારે સંસદમાં એક પ્રશ્નના જવાબમાં શનમુગમે જણાવ્યું હતું કે એજન્સીઓ નિયમિતપણે સિંગાપોરમાં કાર્યરત કામદારો માટે છેતરપિંડી વિરોધી જાગૃતિ અભિયાન ચલાવે છે.

# વીર સાવરકર માટે અંકિતાએ એક પણ રૂપિયો નથી લીધો



મુંબઈ,

વીર સાવરકર ફિલ્મ સિનેમાઘરોમાં આવી ગઈ છે. આ ફિલ્મને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ફિલ્મમાં રણદીપ હૂડા અને અંકિતા બંનેની એક્ટિંગને દર્શકોએ વખાણી છે. ફિલ્મની સ્ટારકાસ્ટ ફિલ્મનું પ્રમોશન અલગ અલગ રીતે કરી રહ્યાં છે. તાજેતરમાં જ ફિલ્મની એક્ટ્રેસ અંકિતા લોખંડે સિનેમાઘરમાં પહોંચી હતી.

તેણે ઓડિયન્સ સાથે ઈન્ટરેક્શન કર્યું હતું અને પોતાના કેરેક્ટર વિશે દર્શકોનો પ્રતિભાવ જાણ્યો હતો. આ ફિલ્મના પ્રમોશનમાં ફિલ્મની સ્ટારકાસ્ટ અને પ્રોડ્યુસર સંદીપસિંહે એક ઈન્ટરવ્યૂ આપ્યો હતો જેમાં તેણે એ વાત ક્લિયર કરી હતી કે વીર સાવરકર માટે અંકિતાએ એક પણ રૂપિયો નથી લીધો. તેણે કહ્યું હતું કે હું અને અંકિતા લાંબા સમયથી મિત્રો છીએ. અમે કરિયરના શરૂઆતના દિવસોથી સાથે છીએ, એ મારી સારી મિત્ર છે પણ તેણે અત્યારે જે કર્યું છે એ હું ક્યારેય નહીં ભૂલું. હું જાણું છું તેનું કેલિબર કેટલું છે. તેની અંદર ખૂબ આવડત છે એટલે જ વીર સાવરકર બનાવવાનો વિચાર કર્યો ત્યારે મારા મગજમાં અંકિતાનું નામ જ હતું.

આ વાતનો જવાબ આપતાં અંકિતા જણાવે છે કે સંદીપે કહ્યું એ પ્રમાણે અમે લાંબા સમયથી મિત્રો છીએ. તે જ્યારે ભણસાલી પ્રોડક્શનમાં કામ કરતો ત્યારે પણ અમે સાથે જ હતાં. એની સ્ટ્રગલ મેં જોયેલી છે. ફાઈનાન્શિયલ ક્રાઈસીસ એને છે એ હું જાણું છું છતાં એણે હિંમત કરીને આવી સરસ ફિલ્મ બનાવી એ મારા માટે ગર્વની વાત છે. મારો મિત્ર જ્યારે ફિલ્મ બનાવતો હોય તો હું પૈસા લઉં એટલી મૂરખ નથી. એના સારા-નરસા દરેક સમયે હું એની સાથે ઊભી રહી છું તો એની ફિલ્મમાં હું પૈસા કેવી રીતે લઈ શકું. અહીં તમે પાક્કી મિત્રતા કહી શકો. સંદીપ માટે મને હંમેશાં માન રહ્યું છે.

# ફિલ્મ ‘બડે મિયાં છોટે મિયાં’ ૩૫૦ કરોડ રુપિયાના બજેટમાં બની

મુંબઈ,

અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સ્ટાર ફિલ્મ બડે મિયાં છોટે મિયાં ૩૫૦ કરોડ રુપિયાના બજેટમાં બની છે. ફિલ્મ એક્શનથી ભરપુર છે. જેનો અંદાજો ટ્રેલર જોઈને લાગી જાય છે, હવે ફિલ્મના ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફરે ફિલ્મમાં આવેલા ખર્ચાને લઈ વાત કરી છે. તેમણે કહ્યું છે કે, આ ફિલ્મના શૂટિંગ પાછળ રોજનો ૩ થી ૪ કરોડ રુપિયાનો ખર્ચો આવતો હતો. આ સાથે તેમણે એ પણ કહ્યું છે કે, એક્શન ફિલ્મમાં એક આખી શાળાને તૈયાર કરવામાં આવી હતી અને વીએફએક્સના ટૂલનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. અલી અબ્બાસ ઝફરને પુછવામાં આવ્યું કે, તેમણે પુજા એન્ટરનેટનમેન્ટને આટલો મોટો પ્રોજેક્ટ કરવા માટે કઈ રીતે રાજી કર્યા, તેમણે કહ્યું કે,તેને કોઈ એવા વ્યક્તિને જરુર હતી કે, તેના પર આંખો બંધ કરીને વિશ્વાસ કરી શકે, ત્યારબાદ ભગનાની સાથે આવ્યો. તો તેમણે એક જવાબદારીના રુપમાં લીધો અને ફિલ્મને પુરી કરી. તેમણે કહ્યું જ્યારે અમે ફિલ્મની સ્ક્રિપ્ટ લખી તો અમે સૌ લોકો ખુશ હતા. અલી અબ્બાસ ઝફરે કહ્યું કે, બજેટ સૌથી મોટું પ્રેશર જે અભિનેતા અને ફિલ્મમેકર હંમેશા અનુભવે છે. જો તમે બાઈક સ્ટંટ કરવા માંગો છો તો દરેક બાઈકની કિંમત ૪ લાખ રુપિયા છે અને જો સ્ટંટ ખોટો થયો તો તમારે ૪ લાખ ગુમવવા પડે છે. જો તમે ૩૦-૪૦ લાખ રુપિયાની કિંમત વાળી બાઈકને સ્ટંટમાં સામેલ કરી રહ્યા છો તો આટલા રુપિયા ગુમવવા પડશે.

# ડ્યૂન ૨ વર્ષ ૨૦૨૪ની વિશ્વની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ

વોશિંગ્ટન/મુંબઈ,

ટિમોથી ચાલમેટની ‘ડ્યુન પાર્ટ ૨’ એ ઈતિહાસ રચ્યો છે. તે આ વર્ષની સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ તરીકે ઉભરી આવી છે. ‘ડ્ધેહી ૨’ એ ફિલ્મ ‘ડ્ધેહી’ની સિક્વલ છે. વર્ષ ૨૦૨૧માં ‘ડ્યૂન’ એ છ એકેડેમી એવોર્ડ જીત્યા હતા. આ વર્ષે ૧ માર્ચે રિલીઝ થયેલી ‘ડ્ધેહીર ‘ દુનિયાભરના સિનેમાઘરોમાં ધૂમ મચાવી રહી છે. ડેનિસ વિલેન્યુવે દ્વારા નિર્દેશિત આ સાય-ફાઈ ફિલ્મે કમાણીના મામલામાં વિશ્વભરમાં ઈતિહાસ રચ્યો છે. આ ફિલ્મે વૈશ્વિક સ્તરે ૬૨૬.૧ મિલિયન ડૉલરની કમાણી કરી છે. તો ૨૯ માર્ચે રિલીઝ થયેલી હોલિવૂડ ફિલ્મ ‘ગોડઝિલા ઠ કોંગ’ એ પણ કમાલ કરી રહી છે. માત્ર ભારતમાં જ નહીં, દુનિયાભરમાં આ ફિલ્મનો જાદુ છવાઈ ગયો છે. માત્ર ત્રણ દિવસમાં તે વિશ્વભરમાં આ વર્ષની ત્રીજી સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ બની ગઈ છે. આંકડા અનુસાર, ફિલ્મ ‘ગોડઝિલા ઠ કોંગ’એ ઓપનિંગ વીકએન્ડમાં વૈશ્વિક સ્તરે લગભગ ૧૯૪ મિલિયન ડોલરનો બિઝનેસ કર્યો છે. કમાણીના મામલામાં આ ફિલ્મ માત્ર ‘ડ્યૂન પાર્ટ ૨’ અને ‘કુંગફુ પાંડા ૪’થી પાછળ છે. ‘ડ્ધેહી ૨’ એ તેની રિલીઝના પાંચ અઠવાડિયામાં જ વિશ્વભરમાં લગભગ ઈ૬૨૬ મિલિયન ડૉલરનો બિઝનેસ કર્યો છે. તો, ‘કુગફુ પાંડા ૪’ એ તેની રિલીઝના ચાર અઠવાડિયામાં ઈ૩૪૭ મિલિયન ડૉલરની કમાણી કરી હતી. ‘ગોડઝિલા ઠ કોંગ’ ફિલ્મ એડમ વિંગાર્ડ દ્વારા નિર્દેશિત ફિલ્મ છે. ‘ગોડઝિલા ઠ કોંગ’૨૦૨૧માં આવેલી ફિલ્મ ‘ગોડઝિલા વર્સિસ કોંગ’ની સિક્વલ છે.

સૌરાષ્ટ્ર આજતક

# રાજકોટ મનપાની આવતા સપ્તાહેથી એડવાન્સ મિલકત વેરામાં વળતર યોજના: મહિલા મિલ્કતધારકને ૧૦% વળતર

## ઓનલાઈન પેમેન્ટ કરનારને વધુ ૧-૧ ટકો સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં તા. ૩૧ મે સુધી એડવાન્સા મિલ્કત વેરો ભરનાર ધારકને ૧૦% વળતર

રાજકોટ,મહાનગરપાલિકા દ્વારા અગાઉના વરસોની માફક જ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં પણ એડવાન્સ મિલ્કત વેરાની રકમ ભરપાઈ કરનાર કરદાતાઓને વળતર આપવાની યોજના આવતા સપ્તાહે એટલે કે તા.૮ એપ્રિલ બાદ શરૂ કરવા વેરા શાખા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું મનપા તંત્રના સતાવાર સુત્રોએ જણાવ્યું હતુ.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં તા.૩૧ મે સુધી એડવાન્સ્ મિલ્કત વેરો ભરનાર મિલ્કત ધારકને ૧૦% વળતર તથા મહિલા મિલ્કત ધારકોને વધારાના ૫% વળતર એટલે કે ૧૫% અને તા.૩૦ જુન સુધી એડવાન્સર મિલ્કત વેરો ભરનાર મિલ્કકત ધારકને ૫% અને મહિલા મિલ્કત ધારકને ૧૦% વળતર આપવાનું મંજુર કરાયેલ છે. આ બંને યોજનામાં ઓનલાઈન મિલ્કકત વેરો ભરનાર મિલ્કતધારકને વિશેષ ૧% વળતર આપવામાં આવશે. આ ઉપરાંત સતત ત્રણ વર્ષથી આવી યોજનાનો દરમ્યાન સંપૂર્ણ વેરો ભરનાર કરદાતાઓને લોયાલીટી બોનસ પેટે વિશેષ ૧% આપવામાં આવશે. તેમજ ૪૦% થી વધારે ડીસેબિલીટી (શારીરિક અશકત) હોય અને તેમના જ નામે હોય તેવા રહેણાંક મિલ્કજતોને વિશેષ ૫% વળતર આપવામાં આવશે.

# મતદાન જરૂર કરો અને કરાવો : રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન અંગે જાગૃતિની કવાયત

રાજકોટ, લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૧૦ - રાજકોટ સંસદીય મત વિસ્તારમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના નેતૃત્વમાં મતદાન અંગે જાગૃતિની કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં 'મતદાન જરૂર કરો અને કરાવો'ની નેમ સાથે વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી અંતરિયાળ વિસ્તારથી લઈને મહાનગર સુધી તમામ મતદારોને મતદાન માટે સતત પ્રેરિત કરવામાં આવી રહ્યાં છે.

૬૭ - વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી સિદ્ધાર્થભાઈ ગઢવીના દિશાનિર્દેશ અનુસાર જાતિ આધારિત ૧૦%થી વધારે તફાવત ધરાવતા કુચિયાદડ ગામ ખાતે ભાગ નંબર ૨૧૧ તથા ૫૦%થી ઓછું મતદાન ધરાવતા ઘંટેશ્વર ખાતે ભાગ નંબર ૨૯૮ તથા ૨૯૯માં મતદાન વધારવા માટે ગામલોકોને જાગૃત કરવામાં આવ્યા હતા. લોકશાહીને સશકત કરવા માટે મતાધિકારનો સમજપૂર્વક ઉપયોગ કરવાની જાણકારી આપી હતી. તેમજ મતદાનના દિવસે મતદાનને પ્રાથમિકતા આપવાની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

૬૮ - રાજકોટ પૂર્વ વિધાનસભા મતદાર વિભાગમાં જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રી વંગવાણીના માર્ગદર્શન હેઠળ મામલતદારની સૂચના મુજબ વોર્ડ નંબર ૦૫માં મારુતિનગર વિસ્તાર અને વોર્ડ નંબર ૧૮માં કોઠારીયા રણુજા મંદિર ખાતે વોર્ડ ઓફિસરશ્રી દ્વારા મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ચૂંટણી પ્રક્રિયા, મતદાન મથક, ચૂંટણીલક્ષી સેવાઓ આપતી એપ્લીકેશન્સ સહિતની બાબતો વિશે સમજૂતી આપવામાં આવી હતી. તેમજ ચૂંટણીમાં મતદાન કરવા તથા કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો હતો. આ તકે 'અમે અવશ્ય મતદાન કરીશું'ના શપથ લેવામાં આવ્યા હતા.

૭૧ - રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતદાર વિભાગમાં પ્રાંત અધિકારીશ્રી વિમલભાઈ ચક્રવર્તીના સૂચનો પ્રમાણે પુરુષ અને સ્ત્રી જાતિના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહેલો હોય તેવા મતદાન મથક વિસ્તારમાં મતદાન જાગૃતિની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

# રાજકોટમાં વિહિપ દ્વારા રામનવમીની શોભાયાત્રાનો રૂટ જાહેર કરાયો



રાજકોટ, વિશ્વટ હિન્દુ પરિષદ પ્રેરીત રામનવમી શોભાયાત્રાની પૂર્વ તૈયારીના ભાગ રૂપે ગત વિ.હિ.પ. કાર્યાલય ખાતે વિવિધ સંસ્થાન-મંડળો તથા વિ.હિ.પ.-બજરંગદળ-દુર્ગાવાહીનીના કાર્યકર્તાઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિ.હિ.પ., બજરંગદળ, દુર્ગાવાહીનીના કાર્યકર્તાઓ, સામાજીક, સેવાકીય સંસ્થાલ, મંડળોના અગ્રણીઓ વિ. બહોળી સંખ્યા.માં ઉપસ્થિત રહયા હતા તથા રાધેશ્યા,મ ગૌશાળાના રાધેશ્યામ બાપુ ઉપસ્થિનત રહયા હતા અને વિ.હિ.પ. ના હોદેદારોએ માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. તા. ૯ એપ્રિલને થી તા. ૧૬ એપ્રિલને મંગળવાર સુધી શ્રીરામ કથાનું આયોજન થવા જઈ રહયું છે તેમજ રામનવમીના પાવન દિવસે એટલે કે તા. ૧૭ એપ્રિલ બુધવારે પરંપરા મુજબ દર્શનીય શોભાયાત્રાનું આયોજન વિ.હિ.પ. તથા રાધેશ્યા૧મ ગૌશાળાના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું છે. આમ દર વર્ષે ભવ્ય. રીતે યોજાતી રામનવમી શોભાયાત્રા આ વર્ષે ભવ્યુ બની રહેશે.શોભાયાત્રા પણ નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતેથી ધર્મસભા બાદ શરૂ થઈને રાજકોટના જાણિતા રાજમાર્ગોના રૂટ ફરીને સતયુગશ્રી રામજી ભગવાન મંદિર હળ: શ્રી ન્યોલ ભગત અન્ન ક્ષેત્ર ૐ હિં રામ જય રામ જય જય રામ ખાતે પૂર્ણાહુતી પામશે.

તેમજ રાજકોટ ખાતેના રામ ઉત્સંવ કાર્યક્રમ નિમિતે માર્ગદર્શક મંડળ જાહેર કરવામાં આવેલ હતું જેમાં રાધેશ્યાતમ બાપુ, શાંતુભાઈ રૂપારેલીયા, નરેન્દ્ર ભાઈ દવે, ભુપતભાઈ ગોવાણી, માવજીભાઈ ડોડીયા, હસુભાઈ ભગદેવ, હસુભાઈ ચંદારાણા, નિતેશભાઈ કથીરીયા, વિનુભાઈ ટીલાવતની જાહેરાત કરવામાં આવી હતી આ કાર્યક્રમના અનુસંધાને વિવિધ સમિતિ હવે પછી જાહેર કરવામાં આવશે.

# કાલે રાજકોટમાં સાહિત્યકાર ચંદ્રકાન્ત બક્ષી પ્રેમીઓનું સન્માન

રાજકોટ, ગુજરાતના સ્વપ્રસ શિલ્પી સમર્થ સાહિત્યકારના શ્રી ચંદ્રકાન્ત બક્ષી સાહિત્યા વર્તુળ, રાજકોટ તથા અરસપરસ પારિવારિક મેગેઝિન રાજકોટના સંયુકત ઉપક્રમે ગત વર્ષ ૨૦૨૩ના શ્રી ચંદ્રકાન્ત બક્ષીની ૯૧મી જન્મ જયંતિ નિમિતે ટૂંકી વાર્તા સ્પર્ધાનું આયોજન કરાયેલ, સમગ્ર ગુજરાત, મુંબઈમાંથી ૮૦ થી વધુ વાર્તાકારોએ ભાગ લીધેલો. જેના વિજેતાઓનો ત્થા ગુજરાતભરમાં વસતા વિવિધ બક્ષી પ્રેમીઓ કે જેઓએ શ્રી ચંદ્રકાન્ત બક્ષીને પોતાના જીવનમાં આત્મવસાત કરેલાં છે તેવાં ૨૨ બક્ષીપ્રેમીઓનો સન્મા્નિત કાર્યક્રમ ફકત નિમંત્રિતો માટે બહુમાળી ભવન, મીટીંગ હોલ, રેસકોર્સ ખાતે તા. ૭ ને રવિવારે સવારે ૧૦ થી ૧ દરમ્યાન યોજાનાર છે.

આ કાર્યક્રમમાં 'ફૂલછાબ'ના પૂર્વ તંત્રી શ્રી કૌશિકભાઈ મહેતા, 'ફૂલછાબ'ના તંત્રીશ્રી જવલંત છાયા, 'આજકાલ'ના તંત્રીશ્રી કાના બાંટવા, સૌ. યુનિ.ના પ્રા. દીપકભાઈ પટેલ, પૂર્વ નાયબ નિયામકશ્રી નરેન્દ્રઓભાઈ શાહ, લેખિકા વંદીતાબેન રાજયગુરૂ ત્થા સાહિત્યં સેતુના અનુપમભાઈ દોશી ઉપસ્થિત રહેશે.વાર્તા સ્પર્ધાના નિર્ણાયકો તરીકે વાર્તાકાર સર્વ શ્રી ધર્મેન્દ્રસિંહ રાઠોડ, નટવર આહલપરા, યોગેશ પંડયા (ભાવનગર) એ સેવા આપી હતી.

# રાજકોટની ન્યુ રાજદીપ સોસાયટીમાં સ્વ-સહાય જૂથના બહેનોને કચરાનું વર્ગીકરણ, અંગે માર્ગદર્શન – તાલીમ અપાઈ



રાજકોટ, મહાનગરપાલિકા દ્વારા સ્વકચ્છઅ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત સ્વદચ્છીતામાં મહિલાઓની સહભાગીતા અને નેતૃત્વાને મજબુત કરવા માટે મહિલાઓને?સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તે હેતુથી મહાનગરપાલિકાનાં વોર્ડ નં.૧૧ ન્યુ રાજદીપ સોસાયટીમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત સંકળાયેલ સ્વન-સહાય જૂથના બહેનોને સ્વચ્છ્ તા બાબતે તેમના સમુદાય, મહોલ્લાકે શેરી ફળીયાના લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે માહિતી માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમાં બહેનોનેસૂકા અને ભીના કચરાના વર્ગીકરણ અંગે માર્ગદર્શન, ૩ઇ (રીડ્યુઆઝ, રીયુઝ અને રીસાઈકલ) તથા કીચન વેસ્ટગના હોમ કોમ્પોસ્ટીંગ અંગેની માહિતી સિનીયર કોમ્યુનીટી ઓર્ગેનાઈઝર એન.આર.કાથડ તથા મેનેજર એસ.કે.બથવાર દ્વારા આપવામાં આવેલ હતી.

# રાજકોટમાં અભયભાઈ ભારદ્વાજના જન્મદિન નિમિતે પાંચ ભુદેવોને પરશુરામ એવોર્ડ એનાયત



રાજકોટ, પરશુરામ યુવા સંસ્થાભન રાજકોટ દ્વારા બીએપીએસ સ્વોમીનારાયણ મંદિર, કાલાવડ રોડ ખાતે સંસ્થાઈના આદ્યસ્થાયપક શ્રી અભયભાઈ ભારદ્વાજના જન્મસદિવસ નિમિત્તે પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહ ૨૦૨૪નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષ પણ અભયભાઈના જન્મદિવસ નિમતેબ્રહ્મસમાજમાં પોતાનું યોગદાન આપનાર પાંચ ભૂદેવોને પરશુરામ યુવા સંસ્થાન દ્વારા પરશુરામ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

પરશુરામ એવોર્ડ અર્પણ સમારોહનો પ્રારંભ પૂ. બ્રહ્મ તીર્થ સ્વામી, ગી કોઠારી સ્વામીશ્રી, બીએપીએસ સ્વાપમિનારાયણ મંદિર, રાજકોટ, પુજયમ જેન્તિ?રામ બાપા, સંત પુરણ ધામ ધુનડા, પૂજય્ ઘનશ્યાનમજી મહારાજ, ભુવનેશ્વરી પીઠ ગોંડલ, પૂ. ચૈતન્યજ શંભુ મહારાજ, પ્રસિદ્ધ ભાગવતાચાર્ય તથા સમારોહના અધ્યએક્ષ શ્રી પુરષોત્તમ રૂપાલા, શ્રી વિજયભાઈરૂપાણી મળેલ કેબીનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજ્યદસભા સાંરાદ શ્રી રામભાઈ મોકરિયા, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, ઉપહત્ત ધારાસભ્યબ શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટિલાળા, શ્રીમતી દર્શિતાબેન શાહ, મેયર શ્રીમતી નયનાબેન પેઢડિયા, શહેર ભાજપ મહામંત્રી શ્રી માધવભાઈ દવે ઉપસ્થિરત રહયા હતા.

સમારોહનું સ્વાલગત અભિવાદન અભયભાઈના પુત્ર અને સમારોહના આયોજક અંશ ભારદ્રાજ દ્વારા ઉપસ્થિ ત મહેમાનો અને ભૂદેવોનું શાબ્દિવક અભિવાદન કરી, સમારોહ વિશેટુંકમાં માહિતી આપી હતી. સમારોહનું ઉદ્ઘાટન અભયભાઈના સાથી અને પરમમિત્ર શ્રી વિજયભાઈરૂપાણી પૂર્વ મુખ્યહમંત્રીશ્રીનો હસ્તે કરવામાં આવ્યુંભ હતું. ત્યારબાદ પરશુરામ યુવા સંસ્થાન દ્વારા શ્રી મનીષભાઈ માદેકા (ઉદ્યોગ ક્ષેત્રે), શ્રી સાઈરામ દવે (કલા ક્ષેત્રે), શ્રી ડો. રાજેન્દ્ર ત્રિવેદી, શ્રીમતી વિભાવરીબેન દવે અને શ્રી જગદીશભાઈ આચાર્ય (પત્રકાર ક્ષેત્રે)ને આ પાંચ બ્રહ્મ કર્મયોગીઓએ કરેલ પોતાના ક્ષેત્રેમાં વિશિષ્ટ યોગદાન અને સમાજ પ્રત્યે કરેલ ઉમદા કામોની ડોકયુમેન્ટરી રજૂ કરવામાં આવી હતી. પરશુરામ એવોર્ડ શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો

# સૌરાષ્ટ્ર-કચ્છમાં આછા વાદળા: પવન ફુંકાતા ગિરનાર રોપ-વે બંધ



રાજકોટ, : રાજકોટ સહિત સૌરાષ્ટ્રા-કચ્છોમાં આછા વાદળા યથાવત છે. અને આવા વાતાવરણ સાથે ગરમીનો માહોલ યથાવત છે. જુનાગઢ ગિરનાર પર સવારથી ભારે પવન ફૂંકાતા રોપ-વે સેવા બંધ રાખવાની ફરજ પડી હતી.આજે સવારે ગિરનાર પર્વત પર ઓચિંતા જ ઝંઝાવતી પવન ઉપડતા પ્રવાસીઓ મુશ્કે લીમાં મુકાઈ ગયા હતા. પવનને લઈને ગિરનાર રોપ-વે સેવા સ્થપગિત રાખવામાં આવી હતી. પવનની ગતિ સામાન્યા થયા બાદ રોપવે સેવા પૂર્વવત કરવામાં આવશે.સવારે લઘુતમ તાપમાનનો પારો ૨૨ ડિગ્રીએ સ્થિમર રહ્યો હતો. ગુરુવારે બપોરે ૩૮.૬ ડિગ્રી તાપમાન રહ્યા બાદ આજે સવારનું વાતાવરણ એકંદરે સામાન્યથ રહ્યું હતું. લઘુતમ તાપમાન ૨૨ ડિગ્રીનું નોંધાવાની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પદ્ધ રહ્યું હતુ. જ્યારે પવનની પ્રતિ કલાકની ઝડપ ૪.૨ કિલોમીટરની નોંધાઈ હતી. સવારે વાતાવરણમાં ભેષનું પ્રમાણ ઘટતા અને લઘુતમ તાપમાન સ્થિ્ર રહેતા સવારથી ગરમીનું આક્રમણ શરૂ થયું હતું.

જામનગરમાં લઘુતમ તાપમાન ૨૪, મહતમ તાપમાન ૩૨.૫, ભેજનું પ્રમાણ ૮૪ ટકા, પવનની ગતિ ૯.૪ કિ.મી. રહી હતી.

# રાજકોટના વાવડીમાં એસજીવીપી ગુરૂકુલ દ્વારા મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ :પ્રિ-સ્કુલ ઉદઘાટન સમારોહ યોજાશે

રાજકોટ :વડતાલ ધામ દ્વીશતાબ્દી મહોત્સવના ઉપક્રમે એસ.જી.વી.પી. ગુરૂકુલ રીબડા દ્વારા 'પ્રેમપ્રકાશ' સંસ્કાર કેન્દ્ર વાવડી (રાજકોટ) ખાતે નૂતન પ્રાર્થના મંદિરમાં શ્રી ઘનશ્યામજી મહારાજ, શ્રીરામ-સીતાજી અને શ્રીરાધાકૃષ્ણદેવની મૂર્તિ પ્રતિષ્ઠાનો મહોત્સવ અને પ્રિ-સ્કુલનો ઉદઘાટન સમારોહ તા. ૯ થી ૧૨ સુધી એસ.જી.વી.પી. સીટી કેમ્પસ, પુનીતનગરની પાછળ, ૧૫૦ ફુટ રીંગરોડ, વાવડી ગામ (રાજકોટ) ખાતે તા.૯ થી ૧૨ ચૈત્ર સુદ ૧ થી ચૈત્ર સુદ ૪ સુધી આ મહોત્સવ યોજવામાં આવેલ છે.ભુમિના મુખ્ય દાતા ખોડીદાસભાઈ શિવલાલભાઈ કોરાટ (હ.હર્ષભાઈ) છે. કથાના મુખ્ય યજમાન તરીક્નો લાભ અ.નિ. રસિકભાઈ તથા અ.નિ. ચતુરભાઈ કોરાટ (હ.કલ્પેશભાઈ, જયભાઈ) પરિવારેઅનેયજ્ઞના યજમાન તરીકેનો લાભ માયાભાઈ કોરાટ (હ.નિકુંજ) પરિવારે લીધો છે.

# રાજકોટના રામવિહાર સોસાયટીમાં સ્વીપ અંતર્ગત મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

રાજકોટ, લોકશાહીના સૌથી મોટા પર્વ ચૂંટણીમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચૂંટણી પંચ પ્રયાસો કરી રહ્યું છે. આગામી સમયમાં લોકસભાની ચૂંટણી - ૨૦૨૪નો સૌથી મોટો અવસર આવી રહ્યો છે. આગામી તારીખ ૭ મેના રોજ ગુજરાતની તમામ ૨૬ લોકસભા સીટો પર મતદાન થશે. ગત ચૂંટણી કરતાં આ વખતે મતદાનની ટકાવારી વધે તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે દેશવાસીઓને લોકસભા ચૂંટણી અન્વયે મતદાન અંગે જાગૃત કરવામાં આવી રહ્યા છે.

જેના ઉપક્રમે અધિક કલેકટરશ્રી અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ ૭૧ રાજકોટ ગ્રામ્ય (અ.જા) વિધાનસભા ભાગ નંબર ૨૮ ૨૯ નાના મૌવા ખાતે આવેલ રામવિહાર સોસાયટી, સરદાર પટેલ પાર્ક ખાતે પુરુષ તથા સ્ત્રીમાં ૧૦%થી ઓછું મતદાન ધરાવતા વિસ્તારમાં મહિલાઓ દ્વારા મતદાન ટકાવારી વધે તે હેતુથી બી.એલ.ઓ.શ્રી દ્વારા તેઓને મતદાનના મહત્વ બાબતે સમજણ આપેલ તથા આગામી લોકસભા ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે બાબતેની પ્રતિજ્ઞા લેવડાવેલ હતી. આમ, સ્વીપ અંતર્ગત થયેલ કાર્યક્રમોમાં મતદાન જાગૃતિ માટે થતા કાર્યક્રમોમાં લોકોને સંપૂર્ણ જાણકારી આપવામાં આવી રહી છે જ્યારે લોકો પણ મત જાગૃતિમાં બેનર, પોસ્ટર બનાવીને સહભાગી થઈ રહ્યા છે.

# ગીર જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં ઈવીએમ મશીનનું ફર્સ્ટ રેન્ડમાઈઝેશન યોજાયું

## રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં રેન્ડમાઈઝેશન સંપન્ન




વેરાવળ, સમગ્ર ગુજરાત રાજયની સાથે ગીર સોમનાથ જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ આગામી તા. ૭ મેના રોજ યોજાનાર છે. આ અંગે જિલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

આજે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં કલેક્ટર કચેરી ખાતે ચૂંટણીપંચની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં સમવિષ્ટ કુલ ૪ વિધાનસભા વિસ્તાર માટે ઈ.એમ.એસ સોફ્ટવેર દ્વારા રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

આ રેન્ડમાઈઝેશન વખતે વિવિધ રાજકીય પાર્ટીના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહ્યાં હતાં. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી દ્વારા ઈવીએમ રેન્ડમાઈઝેશન કરી સમગ્ર પ્રક્રિયાને આખરી કરવામાં આવી હતી તથા તેની યાદી રાજકીય પક્ષોને આપવામાં આવી હતી.

ઈવીએમમાં બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ એમ બે એકમોનો સમાવેશ થાય છે. ફર્સ્ટ રેન્ડમાઈઝેશન દરમિયાન ચૂંટણી પંચે ઠરાવેલા ધારાધોરણો પ્રમાણે પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રના કુલ મતદાન મથકોની સંખ્યાના ૧૨૫ ટકા લેખે મ્- બેલેટ યુનિટ, ૧૨૫ ટકા લેખે ઝ- કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫ ટકા વીવીપેટ તકેદારીના રૂપમાં ફાળવણી થશે. ઉપરોક્ત ધારાધોરણ પ્રમાણે બેલેટ યુનિટ્સ-કન્ટ્રોલ યુનિટ્સ અને વીવીપેટની ફાળવણી કરાશે.આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર શ્રી આર.જી.આલ, નાયબ ચૂંટણી અધિકારી શ્રી પલ્લવી બારૈયા સહિત રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજકોટ જિલ્લામાં આચારસંહિતાનાં અમલીકરણમાં ૩૯૦૭થી વધુ રાજકીય પ્રચાર સામગ્રી દૂર કરાઈ

રાજકોટ,લોકસભા ચૂંટણી ૨૦૨૪ અન્વયે રાજકોટ જિલ્લા સહિત સમગ્ર દેશભરમાં આદર્શ આચાર સંહિતા અમલમાં મુકવામાં આવી છે. જે અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મુછારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ જગ્યાઓ પરથી અનધિકૃત પ્રચારાત્મક બેનર, લખાણો, પોસ્ટર, કટ આઉટ વગેરે હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરી અંતર્ગત તા.૦૪ એપ્રિલ સુધીમાં ૭૪-જેતપુર, ૭૧-રાજકોટ ગ્રામ્ય અને ૭૫-ધોરાજી વિધાનસભા મતક્ષેત્રમાંથી કુલ ૩૯૦૭ થી વધુના અનઅધિકૃત રાજકીય પ્રચારાત્મક લખાણો, બેનર, પોસ્ટરોને દૂર કરવામાં આવ્યા છે. જેમાં ૭૪- જેતપુર વિધાનસભા મતવિસ્તારમાંથી જાહેર કે સરકારી મિલકતો પરથી ૭૯૭ અને ખાનગી મિલકતો પરથી ૬૦૦ કુલ ૧૩૯૭ થી વધુ અનઅધિકૃત રાજકીય પ્રચારાત્મક જાહેરાતો દૂર કરવામાં આવી છે.

આ ઉપરાંત, ૭૧ રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મતવિસ્તારમાંથી જાહેર કે સરકારી મિલકતો પરથી ૧૫૦૦ અને ખાનગી મિલકતો પરથી ૨૭૫ આમ, કુલ ૧૭૭૫ થી વધુ તથા ૭૫- ધોરાજી વિધાનસભા મતવિસ્તારમાંથી જાહેર કે સરકારી મિલકતો પરથી ૨૭૧ અને ખાનગી મિલકતો પરથી ૪૬૪ આમ, કુલ ૭૩૫ થી વધુ કેસ અંતર્ગત અનધિકૃત પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે, તેમ મદદનીશ ચૂંટણી અધિકારી સર્વશ્રી રાજકોટ ગ્રામ્ય, જેતપુર તથા ધોરાજી દ્વારા જણાવાયું છે.

# ખંભાળિયામાં ભાજપના કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષની ઉપસ્થિતિમાં રાજપૂત સમાજનો હંગામો

## જિલ્લા ભાજપના લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન રાજપૂત કાર્યકરોએ કાળા વાવટાં ફરકાવ્યા : રૂપાલા હાય... હાય...ના નારા લાગ્યા : ખુરશીઓ ઉડતાં મચી દોડધામ






તસવીરઃ રાકેશ સામાણી

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ગણાતા ખંભાળિયા ખાતે આજરોજ જિલ્લા ભાજપ કાર્યાલય દ્વારકેશ કમલમ્‌ના લોકાર્પણ પ્રસંગનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી. આર. પાટિલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં રાજપૂત સમાજના કાર્યકરોએ પુરૂષોત્તમ રૂપાલાના વિરોધમાં કાળા વાવટા ફરકાવી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યો હતો. તેમજ ખુરશીઓ ઉડવા જેવા દ્રશ્યો ઉપસ્થિત થતા દોડધામ મચી ગઈ હતી.

ખંભાળિયામાં આજરોજ પુરુષોત્તમ રૂપાલા કથનની આગ તેજી પૂર્વક પ્રસરી હતી અને રાજયના પ્રદેશ ભાજપ પ્રમુખની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલા જિલ્લા ભાજપ કાર્યાલયના લોકાર્પણ પ્રસંગે રાજપુત જ્ઞાતિના યુવાનો કાર્યકરોએ કાળા વાવટા ફરકાવી અને ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરતા ભારે ચર્ચા મચી જવા પામી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમનો લોકાર્પણ કાર્યક્રમ ભવ્ય રીતે યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટીલ, સાંસદ પૂનમબેન માડમ, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, પ્રદેશ મહામંત્રી રત્નાકરજી, રજનીભાઈ પટેલ કુંવરજીભાઈ બાવળીયા, આર.સી. ફળદુ, હકુભા જાડેજા, સહિતના નેતાઓ આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આજરોજ સવારે દસ વાગ્યાથી શરૂ થયેલા આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપરાંત આગેવાનો, નગરનો જોડાયા હતા. જિલ્લા ભાજપ કાર્યાલય શ્રી દ્વારકેશ કમલમને ખુલ્લું મુકવા પ્રદેશ પ્રમુખ પાટીલ આવ્યા અને તેમણે લોકાર્પણ વિધિ કરી અને ત્યારબાદ ઉપરના માળે કાર્યાલયનું નિરીક્ષણ કરવા ગયા હતા. તે દરમિયાન ક્ષત્રિય સમાજના કાર્યકરો કાળા વાવટા સાથે ધસી આવ્યા હતા. સેંકડોની સંખ્યામાં અહીં આવેલા કાર્યકરોએ હલ્લાબોલ જેવો માહોલ સર્જી દીધો હતો.

આજે સવારે આશરે ૧૧ વાગ્યાના સમયે આ વિશાળ અને ભવ્ય કાર્યક્રમમાં કાળા વાવતા ફરકાવીને ક્ષત્રિય યુવાનોએ "રૂપાલા હાય હાય" ના નારા લગાવી રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગણી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ બનાવ બનતા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય, ડીવાયએસપી હાર્દિક પ્રજાપતિ, સાથે એલસીબી એસ.ઓ.જી., સહિતના પોલીસ સ્ટાફની ટીમએ પરિસ્થિતિ પારખી ને વિરોધ વ્યક્ત કરતા યુવાનો કાર્યકરોને આ સ્થળેથી દૂર ખસેડ્યા હતા અને પરિસ્થિતિ કાબુમાં લીધી હતી.

જિલ્લા ભાજપના મહત્વના એવા આ કાર્યક્રમ દરમિયાન રૂપાલાના ભૂતકાળના કથનનો વિરોધ વ્યક્ત કરતો કાર્યક્રમ થતા થોડો સમય ભારે દોડધામ મચી જવા પામી હતી. મહત્વની બાબત તો એ છે કે આટલી મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના યુવાનો-કાર્યકરો કાળા વાવટા લઈને કાર્યક્રમ સ્થળ સુધી પહોંચી જતા આ બાબતે પણ ભારે ચર્ચા જાગી છે.

# ધ્રોલમાં માનસિક બિમારીથી કંટાળી વેપારીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## કૌટુંબિક મામાની વાડીએ જઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોક છવાયો



જામનગર : ધ્રોલ ટાઉનના શિવમ પાર્ક સોસાયટીમાં રહેતા એક વેપારીએ મગજની બિમારીથી કંટાળીને આપઘાત કરી લીધાનો બનાવ પોલીસમાં ઉઠવા પામ્યો છે.

આ બનાવની વિગત એવી છે કે, ધ્રોલ ટાઉનના શિવમ પાર્ક સોસાયટીમાં રહેતા અને મુળ જાંબુડા ગામના નરેનાદ્રભાઈ ભવાનભાઈ કાનાણી (૫૧) છેલ્લા એકાદ મહિનાથી મગજની બિમારીથી પિડાઈ રહ્યા હતાં અને મગજ ઓછો કામ કરતો હોય અને તેઓ થોડા દિવસોથી ગુમસુમ રહેતા હતાં દરમિયાન ગઈકાલે તેઓએ વાંકીયા ગામે આવેલ તેમના મામાની વાડીએ લીમડાની ઝાડની ડાળી પર વાયર બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે અજયભાઈ ભવાનભાઈ કાનાણીએ ધ્રોલ પોલીસ મથકમાં જાણ કરતાં પોલીસે અકસ્માત મોતાને ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયાના બેહ ગામે પાનની દુકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૧૨ બોટલો ઝડપાઈ

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના બેહ ગામે એક પાનની દુકાનમાં દારૂ સંતાડવામાં આવ્યો હોય તેવી બાતમીના આધારે પોલીસે પાનની દુકાન પર દરોડો પાડયો હતો. જ્યાં સ્થળ પરથી ઈંગ્લીશ દારૂની ૧૨ બોટલ મળી આવતા મુદામાલ સાથે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આ બનાવની વિગત એવી છે કે, ખંભાળિયા તાલુકાના બેહ ગામે રહેતો હાજાભાઈ બુધિયાભાઈ હરીયા નામના શખ્સી કવિરાજ નામની દુકાનમાં દારૂ સંતાડી અને ખાનગીમાં વેચાણ કરતો હોય તેવી બાતમી પોલીસને મળી હતી. જેથી પોલીસે દુકાન પર દરોડો પાડયો હતો. જ્યાં રૂ. ૪૮૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની ૧૨ બોટલ મળી આવી હતી. જેથી પોલીસે મુદામાલ કબ્જે કરી આરોપી હાજાભા બુધિયાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# જામ્યુકો સંચાલિત આંગણવાડીમાં સાપ નીકળતા બાળકી-સંચાલકોમાં દોડધામ




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા સંચાલિત મહાપ્રભુજીની બેઠક પાસે આવેલી આંગણવાડીમાં આજે વહેલી સવારે અચાનક સાપ નીકળતાં ભારે દોડધામ થઈ ગઈ હતી, અને આંગણવાડીના સંચાલકો તેમજ બાળકો અને તેના વાલીમાં ભયનો માહોલ સર્જાયો હતો. જે અંગેની જાણ થતાં જીવદયા પ્રેમી દ્વારા તેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું.

જામનગરમાં મહાપ્રભુજીની બેઠક પાસે આવલી આંગણવાડી કેન્દ્રમાં આસપાસના વાડી વિસ્તારમાંથી સાપ આવી જતાં તાત્કાલિક અસરથી બાળકો તથા આંગણવાડી કેન્દ્રના બહેનો વગેરેને આંગણવાડીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. રસોડાના ભાગમાં સાપ આવી જતાં જીવ દયા પ્રેમીનો સંપર્ક કરવામાં આવતાં રાહુલભાઈ જેઠવા દ્વારા સાપનું રેસ્ક્યુ કરી યોગ્ય સ્થળે છોડી મૂકવામાં આવ્યો હતો. જેથી સર્વેએ હાશકારો અનુભવ્યો હતો.

# જામનગરના સરલાબેન આવાસમાં ભાડે આપેલ ફ્લેટ ખાલી કરવાનું કહેતાં ભાડૂઆતનો હુમલો

જામનગર : જામનગરમાં સરલાબેન આવાસમાં રહેતા એક ફોટોગ્રાફર યુવાન પર તેના જ ભાડુઆતે હુમલો કર્યો છે અને હાથમાં ફ્રેક્ચર કરી નાખ્યું છે. ભાડુઆત લાંબા સમયથી ભાડું ભરતો ન હોવાથી મકાન ખાલી કરાવતાં ઉસકેરાઈ જઈ આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે. આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં ન્યુ આરામ કોલોનીમાં રહેતા અને ફોટોગ્રાફીનો વ્યવસાય કરતા રમેશભાઈ નાનજીભાઈ કણજારીયા કે જેની માલિકીનો સરલાબેન આવાસ ભવનમાં ફ્લેટ આવેલો છે, જે ફ્લેટ તેણે જામનગરના મુકેશ પ્રેમનારાયણ સોની નામના શખ્સને ભાડેથી આપ્યો હતો. જેનું ભાડું ચડત થઈ ગયું હતું અને ભાડાની રકમ આપતો ન હોવાથી મકાન માલિકે પોતાનું મકાન ખાલી કરાવડાવ્યું હતું

તેથી ભાડુઆત ઉસ્કેરાઈ ગયો હતો, અને મકાન માલિક રમેશભાઈ કણજારીયા પર હુમલો કરી હાથ મરડી હાથમાં ફ્રેક્ચર કરી નાખ્યાનું પોલીસમાં જાહેર થયું છે. જયારે ફોટોગ્રાફરને જી. જી. હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ છે. પોલીસે ભાડુઆત સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામજોધપુરના સિદસર પાસે ઈંગ્લીશ દારૂ સાથે કારચાલક ઝડપાયો

## દારૂના ૩ દરોડામાં ૧૩ બોટલ તેમજ ૬ બિયર સાથે બેની અટકાયત : બે ફરાર

જામનગર : લોકસભાની ચૂંટણીને લઈ જામનગર શહેર તેમજ જિલ્લામાં પોલીસતંત્ર દ્વારા ગુનેગારો પર બાજનજર રાખવામાં આવી રહી છે. ખાસ કરીને દારૂના ધંધાર્થીઓ પર ધોંસ બોલાવવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે જામનગર અને લાલપુરમાં દારૂ અંગેના વધુ ત્રણ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ઈંગ્લીશ દારૂ–બિયરનો જથ્થો પકડી પાડી બે શખ્સોની અટકાયત કરવામાં આવી છે. જયારે બે શખ્સોને ફરાર જાહેર કરાયા છે.

જામનગરમાં રાંદલનગરમાં આવેલ સર્વેશ્વર મહાદેવ મંદિર સામે રહેતો પૃથ્વીરાજસિંહ ચનુભા જાડેજા નામના શખ્સના રહેણાંક મકાનમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડયો હતો. જયાં મકાનમાંથી રૂા. ૬૦૦ની કિંમતના ૬ ટીન બિયર મળી આવતા કબ્જે કર્યા હતા. જ્યારે આરોપી હાજર મળી આવેલ ન હોય તેમને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે. આ ઉપરાંત શહેરના શાંતિનગરના છેડે રામપીરની બાજુમાં રહેતો રામદેવસિંહ અભેસિંહ જેઠવા નામના શખ્સે રાંદલ માતાજીના મંદિર પાસે ખુલ્લા પ્લોટની બાજુમાં શૌચાલય પાસે આઠ બોટલ છૂપાવી હતી. જયાં પોલીસે દરોડો પાડી ઈંગ્લીશ દારૂનો જથ્થો કબ્જે કરી આરોપી રામદેવસિંહ જેઠવાની ધરપકડ કરી હતી.

જયારે જામજોધપુરના ખાંડસરી ગામે રહેતો રવિભાઈ વિનોદભાઈ વીરપરિયા નામનો યુવાન પોતાની જીજે૧૦ સીએન ૪૩૧૬ નંબરની મોટર કાર લઈને જઈ રહયો હતો ત્યારે સિદસર ગામ પાસે પોલીસે શંકાના આધારે મોટર કારને અટકાવી તેની તલાશી લીધી હતી. દરમ્યાન કારમાંથી રૂા. ૨૫૦૦ની કિંમતની ઈંગ્લીશ દારૂની ૫ બોટલ મળી આવતા પોલીસે દારૂની બોટલ તેમજ કાર સહિત કુલ રૂ. ૧,૫૨,૫૦૦ના મુદામાલ સાથે આરોપીી ધરપકડ કરી હતી. જયારે આ જથ્થો સપ્લાય કરનાર સિદસરનો રહેવાસી નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ વાળાને ફરારી જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં બીપીની બીમારીથી કંટાળી વૃદ્ધ મહિલાનો અગ્નિસ્નાન કરી આપઘાત

જામનગર : જામનગરમાં ૮૦ ફૂટ રોડ પર આહિર પાડો વિસ્તારમાં રહેતા બુજુર્ગ મહિલાએ પોતાની બીમારી તેમજ વૃદ્ધાવસ્થાના કારણે જિંદગીથી તંગ આવી જઈ અગ્નીસ્નાન દ્વારા આત્મહત્યા કરી લીધાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં આહિર પાડો વિસ્તારમાં રહેતા રેવીબેન કુંવરજીભાઈ અઘારા નામના ૮૪ વર્ષના વૃદ્ધ મહિલાએ ગઈકાલે પોતાના ઘેર અગ્નિ સ્નાન દ્વારા આત્મહત્યા કરી લીધી હતી.

આ બનાવ અંગે મૃતકના પુત્ર ધનજીભાઈ કુંવરજીભાઈએ પોલીસને જાણ કરતાં સીટી સી. ડિવિઝનના પી.એસ.આઇ એન.પી. જોશી બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતક છેલ્લા કેટલાક સમયથી બીપીની તેમજ કમરની બીમારીથી પીડાતા હતા, અને વૃદ્ધાવસ્થાના કારણે પોતાની જિંદગીનો અંત લાવી દીધો હોવાનું જાહેર થયું છે.

# જામનગરમાં એડવોકેટની હત્યા કેસમાં પકડાયેલા બે આરોપીઓ પાંચ દિવસના રિમાન્ડ પર




જામનગર : જામનગરના એડવોકેટ ની હત્યાના પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા દ્વારા સીટની રચના કરાયા બાદ વધુ બે આરોપીઓને ઝડપી લેવાયા છે. જેઓને અદાલત સમક્ષ રજૂ કરી પાંચ દિવસના રિમાન્ડ પર લેવાયા છે.

જામનગરના બેડી વિસ્તારમાં ગત તા.૧૩મી તારીખે એડવોકેટ હારૂનભાઈ પલેજાની હત્યા કરવામાં આવી હતી. મૃતકના ભત્રીજા નુરમામદ પલેજાએ સાયચા ગેંગના ૧૫ શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે ગુન્હો નોંધી આરોપીઓને પકડી પાડવા ખાસ ટૂકડીઓ રચી હતી. ત્યારપછી સાયચા ગેંગના બશીર, ઈમરાન, સીકંદર, રમઝાન તેમજ દિલાવર કકલ, સુલેમાન કકલ અને કાયદાથી સંઘર્ષિત બે કિશોર સહિત આઠ આરોપીઓએ પકડી પાડ્યા હતા. અને તમામ આરોપીઓને જેલ હવાલે કરાયા છે. જે પ્રકરણમાં વધુ બે આરોપીઓ ગુલામ જુસબ સાયચા અને એજાજ ઉંમર સાયચાની ધરપકડ કરી લેવામાં આવી હતી. જે બંનેને રિમાન્ડ પર લેવા માટે અદાલત સમગ્ર રજૂ કરાયા હતા, જેમાં અદાલતે બંને આરોપીઓને પાંચ દિવસના રિમાન્ડ પર લેવા હુકમ ફરમાવ્યો છે. આ પ્રકરણમાં કુલ ધરપકડનો આંક ૧૦ નો થયો છે હજુ પાંચ આરોપીઓની શોધખોળ ચલાવાઈ રહી છે.

# ભાણવડમાં ઢોર બાંધવાના પ્રશ્ને મહિલા પર ચાર શખ્સોનો હુમલો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ ખાતે ઢોર બાંધવા જેવી બાબતે માથાકૂટ થયા બાદ એક મહિલા પર ચાર શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

ભાણવડમાં મંત્રી સોસાયટી ખાતે રહેતા મોતીબેન સામતભાઈ અરશીભાઈ કાંબરીયા નામના ૪૫ વર્ષના મહિલાના કબજાની વાડીમાં આરોપી એવા મેવાસા ગામના પુંજા અરશી કાંબરીયા તેના માલઢોર બાંધતા હોય, જેથી ફરિયાદી મોતીબેનએ તેમને ના પાડતા આ બાબતનો ખાર રાખી આરોપી પૂંજા અરશી ઉપરાંત અન્ય આરોપીઓ વિમલ વજશી પિંડારિયા, વિશાલ મસરી પિંડારિયા અને ભરત લખુ પિંડારિયા નામના ચાર શખ્સોએ ફરિયાદીની વાડીના ખેતરમાં પ્રવેશ કરી, ફરિયાદી મોતીબેન તથા તેમના પુત્ર નિકુંજ સાથે બોલાચાલી કરી, ઝઘડો કર્યો હતો. આટલું જ નહીં, આરોપીઓ દ્વારા લાકડાના ધોકા વડે હુમલો કરી, ઈજાઓ પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ખુલવા પામ્યું છે.

# ખંભાળિયામાં બાઈકચાલકને ચક્કર આવતાં ઈજાગ્રસ્ત બન્યો




ખંભાળિયા : ખંભાળિયામાં આવેલા ચાર રસ્તા પાસેથી ગઈકાલે એક બાઈક ચાલક પસાર થઈ રહયા હતા ત્યારે તેમને ચક્કર આવતા પડી ગયા હતા. જેમાં તેઓ ઈજાગ્રસ્ત બનતા પોલીસે તેઓને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડયા હતા.

ખંભાળિયા તાલુકાના હંસ્થળ ગામે રહેતા ધનાભાઈ રણમલભાઈ મકવાણા નામના એક આધેડ પોતાનું મોટરસાયકલ લઈને ખંભાળિયાના મિલન ચાર રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એકાએક તેમને ચાલુ મોટરસાયકલએ કોઈ કારણોસર ચક્કર આવી જતા તેમનું મોટરસાયકલ નજીકના એક વીજપોલ સાથે અથડાયું હતું. આ અકસ્માતના કારણે તેઓ નીચે પટકાઈ પડ્યા હતા અને રક્તસ્ત્રાવ થયો હતો.

આ દરમિયાન અહીં ફરજ પર રહેલા જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. વી.એમ. સોલંકી તેમજ સ્ટાફ દ્વારા તાકીદે આ સ્થળે દોડી જઈ અને ઉપરોક્ત આસામીને તેમના સરકારી વાહનમાં તુરંત અહીંની સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. આ પછી ઈજાગ્રસ્ત આધેડના પરિવારજનોને પોલીસે સંપર્ક કરી, ઘટનાની માહિતી આપતા તેઓ હોસ્પિટલે પહોંચી ગયા હતા. ફરજ પરના તબીબો દ્વારા ઈજાગ્રસ્ત આધેડને તાકીદની સારવાર આપવામાં આવી હતી. જેથી તેઓ સ્વસ્થ થયા હતા.

જિલ્લા ટ્રાફિક પોલીસની આ તાકીદની કામગીરીથી દર્દી તેમજ તેમના પરિવારનોએ પોલીસ તંત્રનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરમાં ગેસ્ટ હાઉસના સંચાલકે આઈડી પ્રૂફ વીના રૂમ ભાડે નહીં આપતા હુમલો

## ઉશ્કેરાયેલા શખ્સે સંચાલકને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી હાથ-પગ ભાંગી નાખ્યા

જામનગર : જામનગરમાં એસટી ડેપો સામે આવેલા એક ગેસ્ટ હાઉસના સંચાલકમાં આઈડી પ્રુફ વિના રૂમ ભાડેથી મેળવવા માટે આવેલા શખ્સને રૂમ ભાડે નહીં આપતા ઉસકેરાઇ જઇ લાકડાના ધોકા વડે હુમલો કરી ગેસ્ટ હાઉસ સંચાલકના હાથ પગ ભાંગી નાખ્યા હતા, ઉપરાંત દલિત જ્ઞાતિના હોવાથી હડધૂત કરાયાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ખોડીયાર કોલોની નજીક અવડુલ સોનલ નગરમાં રહેતા અને એસ.ટી. ડેપોની સામે ચંદ્રમોલી ગેસ્ટ હાઉસ ચલાવતા જીવરાજભાઈ રાણાભાઇ ચાવડા નામના ૩૯ વર્ષના દલિત વેપારી યુવાન પર જામનગરના દીવુભા સુખૂભા જાડેજા નામના શખ્સે લાકડાના ધોકા વડે હુમલો કરી હાથ અને પગમાં ફેક્ચર કરી નાખ્યાની ઉપરાંત પોતે દલિત જ્ઞાતિના છે તેવું જાણતા હોવા છતાં સમાજમાં હલકા પાડવા માટે હડધુત કરાયાની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી પોતાના ગેસ્ટ હાઉસમાં કાઉન્ટર પર બેઠા હતા, જે દરમિયાન આરોપી દેવુભા સુખુભા જાડેજા રૂમ ભાડે મેળવવા માટે આવ્યો હતો, જે દરમિયાન તેની પાસેથી આઈડી પ્રુફ માંગ્યું હતું, જે દરમિયાન દેવુભા પાસે પ્રુફ ન હોવાથી રૂમ ભાડે આપ્યો ન હતો. તેના કારણે ઉશ્કેરાટમાં આવી જઇ આ હુમલો કરી દીધો હતો

# જામનગરમા ચેક પરત કેસમાં સજાનો હુકમ યથાવત રાખતી જિલ્લા અદાલત

જામનગર :જામનગરના એક આસામીએ પોતાના મિત્ર સામે ત્રણ લાખના ચેક પરત ફરવા અંગેની ફરિયાદ નોંધાવી હતી. જેમા અદાલતે બે વર્ષની કેદની સજા અને ચેકની રકમ મુજબનો દંડ ફટકાર્યો હતો. દંડ ભરવામાં ન આવે તો વધુ ચાર મહિનાની સજા આપવામાં આવી હતી. તે હુકમ સામે જિલ્લા અદાલતમાં કરાયેલી અપીલ અદાલતે રદ કરી નીચેની કોર્ટનો હુકમ યથાવત રાખ્યો છે.

જામનગરના દીપકભાઈ ગોરધનભાઈ ખીચડા પાસેથી તેમના મિત્ર નલીન બાબુલાલ ચૌહાણે રૂ. ૩ લાખ હાથ ઉછીના મેળવી ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી પરત ફર્યાની દીપકભાઈએ કોર્ટમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી નલીન બાબુલાલ ચૌહાણને બે વર્ષની કેદની સજા અને ચેકની રકમનો દંડ ફટકાર્યો હતો. સજાના આ હુકમ સામે આરોપીએ જિલ્લા અદાલતમાં અપીલ નોંધાવી હતી. તે અપીલ પણ ચાલી જતાં અદાલતે નીચેની કોર્ટનો હુકમ કાયમ રાખ્યો છે. આ હુકમ વખતે આરોપી હાજર ન હોવાથી તેની સામે સજાનું વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું છે. ફરિયાદી તરફથી બંને કોર્ટમાં વકીલ કપિલ વશીયર, નયન કનખરા રોકાયા હતા.

# રાજકોટમાં ક્ષત્રિય સમાજની મહારેલી પૂર્ણ : કલેક્ટરને આપ્યું આવેદનપત્ર

## ક્ષત્રિયોનો જનસૈલાબ ઉમટ્યો, બહેનો કેસરી સાડી, ભાઈઓ કેસરી સાફા પહેરી જોડાયા







તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

રાજકોટમાં પુરુષોત્તમ રૂપાલાના વિરોધમાં બપોરે રાજપૂત કોર કમિટીની બેઠક મળી હતી. બાદમાં સાંજે ૪ વાગ્યે મહારેલીનું આયોજન કરાયું હતું. આથી બહુમાળી ભવન ખાતે મોટી સંખ્યામાં ક્ષત્રિયો એકત્ર થયા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓ પણ જોડાઈ હતી. ભાઈઓ કેસરી સાફા અને બહેનો કેસરી સાડી પહેરી રેલીમાં જોડાયા હતા. કોઈ અઇચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો પણ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ મહારેલીમાં ક્રિકેટર રવીન્દ્રસિંહ જાડેજાના બહેન નયનાબા પણ જોડાયા હતા. તેઓએ જણાવ્યું હતું કે, હજી પણ ઉગ્રતા વધતી જશે. બીજી તરફ પદ્મિનીબા ઢળી પડતા સિવિલમાં સારવાર હેતુસર ખસેડાયા. રાજકોટ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગ સાથે આજે સાંજે મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજની બહેનો કેસરી સાડી પહેરી તો યુવાનોએ કેસરી સાફા પહેરી શક્તિ પ્રદર્શન કર્યું હતું અને રૂપાલાની ટિકિટ રદ કરવા માટે ઉગ્ર સૂત્રોચ્ચાર બોલાવ્યા હતા. આ સાથે જ બહુમાળી ચોક આસપાસ મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના ભાઈઓ અને બહેનો એકત્ર થઈ જતા રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ગરમી હોવા છતાં પણ ક્ષત્રિયો મોટી સંખ્યામાં મહારેલીમાં ઉમટ્યા છે. ક્ષત્રિય સમાજના બાળકોથી માંડી વડીલો સુધી સૌકોઈ મહારેલીમાં જોડાયા છે. મહારેલીમાં જય ભવાનીનો જય જયકાર કરતા પણ લોકો જોવા મળ્યા હતા. મહારેલી કલેક્ટર કચેરી પહોંચી ગઈ હતી અને અહીં કલેક્ટર પ્રભવ જોષીને આવેદનપત્ર આપ્યું હતું. અહીં પણ પોલીસનો ચૂસ્ત બંદોદસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

### કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગુજરાત કરણી સેનાના અધ્યક્ષની અટકાયત બાદ કરાયા મુક્ત

રાજકોટ,

બીજી તરફ, ક્ષત્રિય સમાજની મહિલાઓએ આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે આ મહિલાઓને મળવા માટે પહોંચેલા કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ મહિપાલસિંહ મકરાણા અને ગુજરાત કરણી સેનાના અધ્યક્ષ વીરભદ્રસિંહની બોપલ પોલીસે અટકાયત કરી હતી. જોકે અટકાયતના થોડા જ કલાકોમાં શાહીબાગ હેડક્વાર્ટરથી મહિપાલસિંહ મકરાણાને મુક્ત કરાયા છે. હવે પોલીસ તેમને રાજસ્થાન બોર્ડર સુધી મુકવા જશે.

### રાજકોટમાં ચુંટણીમાં ૪૦૦ ઉમેદવારો ઊભા રાખવા એલાન : ક્ષત્રિય કોર કમિટીની જાહેરાત

**ગુજરાતના તમામ જિલ્લા-તાલુકા મથકે યોજાશે સંમેલન, અઢારેય વરણને આંદોલનમાં સામેલ થશે**

રાજકોટ,

રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની બહેન દીકરીઓ પર કરેલી ટીપ્પણીના વિરોધમાં ક્ષત્રિય સમાજના ચાલી રહેલા આંદોલને વેગ પકડયો છે ત્યારે આજે રાજકોટ હરભમજી ગરાસીયા બોર્ડીંગ ખાતે મળેલી કોર કમીટીની બેઠકમાં આંદોલનની રણનીતિ ઘડવામાં આવી હતી. જેમાં આ આંદોલનને ઓપરેશન રૂપાલા નામ આપવામાં આવ્યું છે અને રાજકોટમાં પરસોત્તમ રૂપાલા સામે ૪૦૦ ઉમેદવારો ઉભા રાખવાની ઘોષણા કરવામાં આવી છે. રાજકોટમાં દસેક દિવસ પહેલા એક જાહેર સભામાં લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની બહેન દીકરીઓ પર અભદ્ર ટીપ્પણી કરી હતી. જેના કારણે ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. લોકસભાના ઉમેદવારે બે વખત જાહેરમાં માફી માંગી હોવા છતાં ક્ષત્રિય સમાજ દ્વારા ઉમેદવારની ટિકીટ રદ કરવાની માંગણી સાથે આંદોલનના શ્રીગણેશ કર્યા હતાં અને દસેક દિવસમાં આંદોલને ઉગ્ર સ્વરૂપ ધારણ કરી લીધું છે.

# રાજકોટમાં રૂપાલાના સમર્થમાં બાઈક રેલી

## પુરૂષોત્તમ રૂપાલાએ બુલેટ ચલાવ્યું તો પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી ભાજપના ઝંડા સાથે પાછળ બેસ્યાં





તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલા નિવેદનથી રાજ્યભરમાં વિરોધ ચાલી રહ્યો છે. જેમાં આજે રાજકોટમાં ક્ષત્રિય સમાજની કોર કમિટીની બેઠક બાદ ક્ષત્રિય સમાજની વિશાળ રેલી યોજવામાં આવી હતી. આ વિરોધ વચ્ચે રૂપાલાના સમર્થનમાં યુવા ભાજપ દ્વારા બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ બાઇક રેલીની શરૂઆત માધાપર ચોકડીથી થશે અને બહુમાળી ભવન ખાતે સમાપન કરવામાં આવશે.

પુરુષોત્તમ રૂપાલાએ બાઇક રેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. જે બાદ પોતે પણ આ રેલીમાં જોડાયા હતાં. જેમાં તેમણે બુલેટ બાઇક ચલાવ્યું હતું અને તેમની પાછળ પૂર્વ મુખ્યમંત્રી વિયજ રૂપાણી ભાજપના ઝંડા સાથે બેસ્યા હતાં. રાજકોટમાં ક્ષત્રિય સમાજના ઉગ્ર વિરોધ વચ્ચે યુવા ભાજપ દ્વારા રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના સમર્થનમાં યુવા ભાજપ દ્વારા બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. માધાપર ચોકડીથી બહુમાળી ભવન સુધી બાઇક રેલીનો રૂટ નક્કી કરવામાં આવ્યો છે. આયોજનના પગલે પૂર્વ શહેર પ્રમુખ કમલેશ મીરાણી અને પૂર્વ સ્ટેન્ડિંગ ચેરમેન પુષ્કર પટેલ કાર્યક્રમ સ્થળે આવી પહોંચ્યા હતા. આ સાથે જ યુવા ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં બાઈક સાથે આવી પહોંચ્યા છે. પરંતુ ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા, પૂર્વ મુખ્યમંત્રી રૂપાણી અને ધારાસભ્ય દર્શીતા શાહ થોડા મોડા પહોંચ્યાં હતાં.

# વાલી જગત માટે લાલબત્તીરૂપ કિસ્સો: ધોરણ ૧૧ની છાત્રા પર દૂષ્કર્મ, આરોપીની ધરપકડ

## છાત્રા ઘરેથી સ્કૂલે જવા નીકળતી પરંતુ સ્કૂલે પહોંચતી ન હોવાથી સ્કૂલ ટીચરે વાલીઓને બોલાવતા ભાંડો ફૂટયો

રાજકોટ: રાજકોટમાં વાલીઓ માટે લાલબત્તીરૂપ વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ધો.૧૧માં અભ્યાસ કરતી એક છાત્રા ઘરેથી સ્કૂલે જવા માટે નીકળી જતી હતી. પરંતુ સ્કૂલે પહોંચતી નહી હોવાથી સ્કૂલ ટીચરે વાલીઓને બોલાવતાં છાત્રાનું આરોપી દિવ્યેશ જીતુભાઈ આસોદરિયા (ઉ.વ.૨૩, રહે. અભીરામ પાર્ક શેરી નં.૨, મોરબી રોડ, મૂળ ખેરડી, તા. રાજકોટ)એ શારીરિક શોષણ કર્યાનું બહાર આવ્યું હતું. જેના આધારે બી-ડિવીઝન પોલીસે અપહરણ, દૂષ્કર્મ અને પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. ભોગ બનનાર છાત્રાના પિતાએ પોલીસને જણાવ્યું કે તેની પુત્રીના સ્કૂલ ટીચરે સ્કૂલે બોલાવતાં પત્ની, પુત્રી સાથે ત્યાં પહોંચ્યા હતા. તે વખતે સ્કૂલ ટીચરે કહ્યું કે તમારી દિકરી હમણાંથી કેમ સ્કૂલે આવતી નથી. જેથી સાથે રહેલી પુત્રીને પૂછતાં કહ્યું કે આરોપી તેને છેલ્લા કેટલાક સમયથી હેરાન કરે છે. તેને ખરાબ ઈશારા પણ કરે છે. દોઢેક માસ પહેલાં બપોરે તે ઘરેથી સ્કૂલ જતી હતી ત્યારે રસ્તામાં આરોપી એક કાર લઈને આવ્યો હતો. જેમાં તેને બેસાડી બસ સ્ટેશન પાસે આવેલી હોટલમાં લઈ ગયો હતો. જયાં તેની મરજી વિરૂધ્ધ શરીરસંબંધ બાંધ્યો હતો. ત્યારબાદ ચાર-પાંચ વખત આ જ હોટલમાં તેની સાથે મરજી વિરૂધ્ધ શરીરસંબંધ બાંધ્યો હતો. એટલું જ નહીં જો આ બાબતે કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતાં કોઈને જાણ કરી ન હતી. બી-ડિવીઝનના પીઆઈ એસ.એમ. જાડેજાએ તત્કાળ ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો. આરોપી ગેરેજ ધરાવે છે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

## ગોંડલ-અનિડા ભાલોડી રોડ પર વિચિત્ર અકસ્માત

# ઈકો કારનું ગેસ સિલીન્ડર ફાટતા પાછળ આવતો બાઈક ચાલક આગમાં દાઝી જવાથી મોત

ગોંડલ: ગોંડલ અનિડા ભાલોડી રોડ પર અકસ્માત ની વિચિત્ર ઘટના બની હતી જેમાં રોડ પર પસાર થઈ રહેલી ઈકો કારનો બાટલા ફાટતા પાછળ બાઈક પર આવી રહેલો યુવાન ભળભળ સળગવા લાગ્યો હતો. ગંભીર હાલત માં યુવાન ને સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજતાં ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલના માર્કેટીંગ યાર્ડ પાછળ આવેલી શિવમ પાર્ક રેસીડેન્સીમાં રહેતો કિશન અશ્વિનભાઈ અગ્રાવત નામનો યુવાન પોતાનું કામ પુરૂ કરી અનિડા ભાલોડીથી પોતાના ઘરે ગોંડલ જઈ રહ્યો હતો ત્યારે તેમના બાઈકની આગળ જઈ રહેલી ઈકો કારમાં ગેસનો બાટલો ફાટતાં આગ લાગી હતી. જેથી કિશન આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયો હતો. જેથી તેમને સારવાર માટે રાજકોટખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ત્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજતાં પરિવારમાં અરેરાટી મચી ગઈ છે. કિશનના પિતા હયાત નથી અને પોતે બે ભાઈમાં નાનો હતો તેમજ ધોરણ ૧૨ પુરૂ કરી પોતે આઈટીઆઈમાં અભ્યાસ કરતો હતો તેમજ પોતે અનિડા ભાલોડી ખાતે નોકરી કરતો હતો.

# મંડળીના સંચાલકો દ્વારા વિધવા વૃધ્ધા સાથે ૩૩ લાખની છેતરપિંડી

## એફડી લેવા જતાં ચેરમેને ધાકધમકી આપી જ્યારે તેની પત્નીએ વૃધ્ધાને ધક્કો મારી પછાડી દીધા

રાજકોટ: રાજકોટના રૈયા રોડ પર વૈશાલીનગર-૭માં આવેલી મેસન ક્લબ ક્રેડીટ કો.ઓપરેટિવ સોસાયટીના ચેરમેન પરાગ અનિલભાઈ સોલંકી અને તેની ડાયરેક્ટર પત્ની ઉર્મિબેને એક વૃધ્ધાને ૬ એફડીની એકંદરે રૂા. ૩૩.૫૦ લાખની રકમ પરત નહીં આપી વિશ્વાસઘાત, છેતરપિંડી કર્યાની ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે પોલીસે તપાસ આગળ ધપાવી છે. રૈયા રોડ પરના વૈશાલીનગર શેરી નં. ૬/૭માં સાગર એપાર્ટમેન્ટમાં રહેતા અરૂણાબેન મનસુખભાઈ પોરીયા (ઉ.વ.૭૫)એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે તેનો મોટો પુત્ર વિપુલ આઠેક વર્ષથી પરિવાર સાથે જર્મની રહે છે. નાનો પુત્ર જયેશ હાલ તેની સાથે રહે છે. પતિનું ગયા વર્ષે અવસાન થયું હતું. પતિ હયાત હતા ત્યારે જ્ઞાતિના પરાગની મંડળીમાં પોતાનું અને પતિના નામનું સંયુક્ત ખાતુ ખોલાવ્યું હતું. તે વખતે પરાગે પોતાની મંડળીમાં રોકાણ કરવાથી સારું એવું વળતર વ્યાજ સહિત આપવાની વાત કરી હતી. એટલું જ નહીં જ્યારે માંગશો ત્યારે વ્યાજ સહિત તમે રોકેલા રૂપિયા પરત આપીશ તેવી પણ ખાતરી આપી હતી. જેને કારણે તેની મંડળીમાં ૬ એફડી ખોલાવી હતી. ત્યારબાદ સમયાંતરે વ્યાજની રકમ મળતી હતી. પતિનું અવસાન થયા બાદ મંડળીને લેખિતમાં તે અંગે જાણ કરી હતી. હાલમાં આર્થિક પરિસ્થિતિ નબળી થતા પોતે પુત્ર જયેશ સાથે એફડી વટાવવા ગયા ત્યારે પરાગે ગલ્લાતલ્લા કરી સમય પસાર કર્યો હતો. તેની પાસે કુલ કેટલી મૂડી જમા છે અને હાલમાં કોણ નોમિની છે તેની વિગતો માંગતા જણાવી ન હતી. જેને કારણે તેના પુત્ર જયેશે ગયા વર્ષે જિલ્લા રજીસ્ટ્રાર ખાતે અરજી કરી હતી. આ પછી અવારનવાર પરાગ અને તેની પત્નીને પાકતી મૂદતે થાપણો આપવા માટે રજૂઆત કરતાં હતાં. પરંતુ બંને સરખો જવાબ આપતા ન હતા. છેલ્લે જાન્યુઆરી માસમાં રૂબરૂ જતાં ટેકનિકલ એરરને કારણે પાસબૂકમાં નોંધ થઈ શકશે નહીં તેમ જણાવી દીધું હતું. આ રીતે અવારનવાર ધક્કા ખવડાવી પાસબૂકમાં એન્ટ્રી પણ કરી આપતા ન હતાં. તેને કારણે પોતાની કેટલી થાપણો છે તે વિશે કોઈ માહિતી મળતી ન હતી. જેને કારણે શંકા જતા ગત ફેબ્રુઆરી માસમાં આરટીઆઈ કરી હતી. એટલું જ નહીં પુત્ર જયેશે પાસબૂક ચેક કરતાં તેમાં એન્ટ્રીઓ પણ નહીં થઈ હોવાની માહિતી મળી હતી. ગત વર્ષે તેનો પુત્ર જયેશ એક એફડી પાકતા તેની રકમ ઉપાડવા ગયો હતો. તે વખતે કેશિયરે માતાને લઈ આવવાનું કહેતા પુત્ર તેને લેવા આવ્યો હતો. ત્યારબાદ બંને મડળીની ઓફિસે જતાં પરાગે ઉશ્કેરાઈ જઈ કહ્યું કે મારાથી હવે આમાં કાંઈ નહીં થાય, તમારે કોર્ટમાં જવું હોય તો જાવ. સાથોસાથ એમ પણ કહ્યું કે તમારા દિકરાને જીવતો જોવો હોય તો બીજે કયાય અરજી કરતાં નહીં, એફડીની રકમ લેવા પણ આવતા નહીં. આ વાત સાંભળી ગભરાઈ જતાં તત્કાળ રીક્ષામાં ઘરે પહોંચ્યા હતાં. તે વખતે ઘરની બહાર ઉર્મિબેન મળી ગયા હતા. જેને પણ એફડીની રકમ પરત આપવા આજીજી કરતાં ઉશ્કેરાઈ જઈ ગાળો ભાંડી તેને ધક્કો મારી રોડ પર પછાડી દીધા હતા. સાથોસાથ હવે પછી મંડળીએ આવશો તો જીવતા નહીં રહો તેવી ધમકી પણ આપી હતી.

# હત્યાનો ભેદ ઉકેલાયો:શ્રમિકે ગાળો ભાંડતા પતાવી દેવાયો હતો

રાજકોટ:

કુવાડવા નજીકથી સોમવારે સવારે પરપ્રાંતીય શ્રમિકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી, પોલીસે હત્યાનો ભેદ ઉકેલી કુવાડવાના શખ્સને ઝડપી લીધો હતો, પરપ્રાંતીય શ્રમિકે ગાળો ભાંડતા તેને પતાવી દીધાની આરોપીએ કબૂલાત આપી હતી. મધ્યપ્રદેશના અલીરાજપુરના સોંડવા તાલુકાના ગામનો વતની પાકટિયા ઉર્ફે વિનોદ પાંડવીભાઇ ગેદરિયા (ઉ.વ.૩૫) કુવાડવાના મઘરવાડામાં ખેતમજૂરી કરતો હતો, સાથેસાથે સેન્ટ્રિંગનું અને ભંગારની ફેરીનું પણ કામ કરતો હતો. સોમવારે સવારે કુવાડવા નજીક વાંકાનેર ચોકડી પાસેથી પાકટિયાની લાશ મળી આવી હતી અને લોહીના ડાઘવાળો ધોકો પણ પોલીસને મળી આવ્યો હતો. આ હત્યામાં કુવાડવાના વેલનાથચોકમાં રહેતા મહેશ રામજી બાહુકિયા (ઉ.વ.૩૦)ની સંડોવણી હોવાની માહિતી મળતાં કુવાડવા પોલીસે મહેશને ઉઠાવી લીધો હતો, પોલીસે આગવીઢબે પૂછપરછ કરતાં મહેશે કબૂલાત આપી હતી કે, હત્યા થઇ તે સાંજે મહેશે નશાખોર હાલતમાં માથાકૂટ કરી હતી અને તે ગાળો ભાંડવા લાગ્યો હતો, ત્યારબાદ પાકટિયા ઉર્ફે વિનોદ આગળ જઇને મહેશની રેંકડીમાં સુઇ ગયો હતો, ત્યારે રેંકડીમાંથી ઉભા થવાનું કહેતા ફરી ઝઘડો થયો હતો અને મહેશે પાકટિયાને માથામાં ધોકો ઝીંકી તેની હત્યા કરી નાખી હતી.

# બે બાઈક સામસામે અથડાતા બે મિત્રોના મોત, અન્ય બાઈક ચાલક બાઈક મૂકી ફરાર



ગોંડલ: ગોંડલ તાલુકાનાં કમઢીયા પાસે મામદેવનાં મંદિર નજીક ગત રાત્રીનાં બે બાઈક સામસામા અથડાતા સર્જાયેલા અકસ્માતમાં જેતપુરનાં નવાગઢ તથા સરધારપુરનાં બે મિત્રોનાં ગંભીર ઈજાઓને કારણે ઘટના સ્થળે મોત નિપજયાં હતા. બનાવ બાદ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા બન્નેનાં મૃતદેહોને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. ગત રાત્રીનાં દશ વાગ્યાનાં સુમારે ગોંડલ-દેરડી રોડ પર આવેલા કમઢીયા ગામનાં મામાદેવના મંદિર નજીક બે બાઈક ધડાકાભેર સામસામા અથડાતા સર્જાયેલ અકસ્માતમાં જેતપુરનાં નવાગઢ ખોડીયારધામમાં રહેતા હિતેશ હરીભાઈ મકવાણા (ઉ.વ.૧૭)તથા જેતપુરના સરધારપુર રહેતા પ્રકાશ ભોવાનભાઇ મેણીયા (ઉ.વ.૨૦)ને ગંભીર ઈજાઓ પંહોચતા ઘટના સ્થળે મોત નિપજયાં હતા. અકસ્માતનો ભોગ બનનાર હિતેશ તથા પ્રકાશ બન્ને મિત્રો હતા. નવાગઢથી કમઢીયા મામાદેવનાં મંદિર દર્શન કરવા બાઈક પર જઈ રહ્યા હતા. બન્ને છુટક મજુરીકામ કરતા હતા. હિતેશ બે ભાઈઓનાં પરીવારમાં નાનો હતો.




## રાજકોટ છે મક્કમ રૂપાલા સાથે અડીખમ

ભાજપનો નરેન્દ્ર મોદી અને પરષોત્તમ રૂપાલાના ફોટા સાથેના પોસ્ટરોથી આડકતરો સંકેત, ભાજપ ઉમેદવાર બદલવાના મૂડમાં નથી

# યુવાન સહિત બેએ ગળાફાંસો ખાધો : કારણ અંગે તપાસ

રાજકોટ:ભગવતીપરામાં રહેતાં સંજયભાઈ અનુભાઈ જરયા (ઉ.વ.૪૫) એ આજે સવારે ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. છ ભાઈ અને એક બહેનમાં વચેટ સંજયભાઈને સંતાનમાં ૧ પુત્રી છે. તે સોડાનો ધંધો કરતા હતાં. માનસિક બીમારીથી કંટાળી પગલુ ભર્યાનું અનુમાન છે. બી.ડીવીઝન પ ોલીસે ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ જારી રાખી છે. ભગવતીપરામાં સુખસાગર હોલ સામે રહેતા મહમદરફિક મહમદનાગીર અંસારી (ઉ.વ.૨૭) એ ગઈકાલે સાંજે ઘરે પંખામાં ડુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. ચાર બહેનનો એકલૌતો ભાઈ મહમદરફિક છુટક મજુરી કરતો હતો. તેના એકાદ વર્ષ પહેલા જ લગ્ન થયા હતાં. હાલ બનાવ પાછળનું કારણ જાણવા બી.ડીવીઝન પોલીસે વધુ તપાસ જારી રાખી છે.

**આપઘાત કરનાર પતિના વિયોગમાં પત્નીએ જીવનદોરી ટુંકાવી**

શહેરની લોધેશ્વર સોસાયટીમાં રહેતાં વર્ષાબેન ભાવેશભાઈ જરીયા (ઉ.વ.૨૮) ગઈકાલે આપઘાત કરનાર પતિના વિયોગમાં ઝેરી દવા પી લઈ જીંદગી ટુંકાવી દોઢ માસમાં એકલૌતી પુત્રીએ પિતા બાદ માતાની પણ છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. લોધેશ્વર સોસાયટી - ૨ માં રહેતાં વર્ષાબેને ગઈકાલે ઘરે ઝેરી દવા પી લેતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જયાં તેનું મૃત્યું નિપજયું હતું. જાણ થતા માલવીયાનગરનાં એ.એસ.આઈ. કે.યુ. વાળાએ જરૂરી કાર્યવાહી કરી હતી. પોલીસે જણાવ્યું કે, મૃતકનાં સસરાનું એકાદ વર્ષ પહેલા મૃત્યું નિપજયું હતું. બાદમાં તેના પતિએ દોઢેક માસ પહેલા ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. તેના વિયોગમાં તેણે આત્મઘાતી પગલુ ભરી લીધું હતું. બનાવથી દોઢ માસમાં એકલૌતી પુત્રીએ પિતા બાદ માતાની પણ છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત સર્જાયો છે.